Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# આત્મધર્મ



**સદા શુદ્ધાત્માના ઉદ્‌બોધન દ્વારા મુમુક્ષુઓને પુરુષાર્થની**
**પ્રેરણા આપી રહેલા પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ**


તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, વૈશાખ ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૪ : અંક ૭

[ ૪૦૩ ]

# એક પવિત્ર માંગલિક દિન : સ્વાનુભૂતિ બીજ

[ પંડિત શ્રી હિંમતલાલ જે. શાહ B Sc. ]

આજે મુમુક્ષુઓ માટે મહા પર્વ છે. જેમણે સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ પ્રગટ કરી આપણને તે માર્ગ દોર્યા છે તે પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવની ૮૮ મી જન્મજયંતી આપણા માટે પવિત્ર પર્વનો દિવસ છે. જૈન ધર્મની અંદર સ્વાનુભૂતિ લુપ્તપ્રાય થઈ ગઈ હતી. સંપ્રદાયની શ્રદ્ધા પ્રાયઃ સમ્યગ્દર્શન મનાતું હતું અને ક્રિયાકાંડ મોક્ષનો માર્ગ ગણાતો હતો ત્યારે ગુરુદેવે તીર્થંકરપ્રરૂપિત યથાર્થ માર્ગને પ્રકાશમાં લાવી આપણને સત્ય પંથે દોર્યા. જે પુરુષ સ્વાનુભૂતિ પ્રગટાવી માત્ર નિજકલ્યાણ સાધે તે પુરુષ પણ પૂજ્ય છે; ગુરુદેવે તો સ્વાનુભૂતિ પ્રગટ કરી નિજકલ્યાણ સાધવા ઉપરાંત જગતમાં સ્વાનુભૂતિમૂલક માર્ગનો ડંકો વગાડી આપણને–મુમુક્ષુ જગતને–સત્ય માર્ગ ચીંધ્યો, જેના વિના આપણું જીવન વિફળ જાત એવા સાચા પંથે આપણને વાળ્યા. આવા પવિત્ર પ્રભાવક યુગપુરુષ ગુરુદેવ આપણા પરમ ઉપકારી અને પરમ વંદનીય છે. જે પુરુષે જગતમાં સ્વાનુભૂતિમૂલક માર્ગનો પુનરુદ્ધાર કર્યો તે પવિત્ર પુરુષને જન્મ દેનારી વૈશાખ સુદ બીજ ખરેખર 'સ્વાનુભૂતિ બીજ' નામને યોગ્ય છે અને એક પવિત્ર માંગલિક દિન છે.

જન્મથી જ ગુરુદેવનું વૈરાગી, ચિંતનપૂર્ણ, બુદ્ધિપ્રતિભાયુક્ત, ધ્યેયલક્ષી ભક્તજીવન હતું. બાળબ્રહ્મચારીપણે દીક્ષિત થઈ ઉચ્ચતમ કોટિના સ્થાનકવાસી સાધુ તરીકે વિચરતાં, 'ભવભ્રમણનો અંત લાવવાનો સાચો ઉપાય શો ?', 'દ્રવ્યસંયમસે ગ્રીવક પાયો, ફિર પીછો પટકયો, ત્યાં શું કરવું બાકી રહ્યું ? ' એ વિષે ઊંડું મંથન ને અભ્યાસ કરીને એમણે શોધી કાઢયું કે–માર્ગ કોઈ જુદો જ છે; હાલમાં તો ઊંધેથી જ શરૂઆત કરવામાં આવે છે. ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, પરંતુ પારમાર્થિક આત્મા, સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ નકકી કરી. સ્વાનુભવ કરવો તે માર્ગ છે; અનુભવમાં વિશેષ લીનતા તે

[ અનુસંધાન પાનું ૨૫ ]

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૭




વીર સં. ૨૫૦૩
: વૈશાખ:
A.D.1977
MAY

# અધ્યવસાન એક જ બંધનું કારણ

પરને મારી શકું, જીવાડી શકું, ઇત્યાદિ જે અધ્યવસાનો છે તે જ બંધનું કારણ છે પરંતુ પરવસ્તુ મરે કે જીવે તે બંધનું કારણ નથી. પરની ક્રિયા અધ્યવસાનમાં નિમિત્ત થાય એટલું જ પરનું કાર્યક્ષેત્ર છે. છતાં બાહ્યવસ્તુનો સંગ ન કરવો એમ શા માટે કહેવામાં આવે છે?–કે અંતરના અભિપ્રાયના નિષેધ અર્થે બાહ્યસંગનો નિષેધ કરવામાં આવે છે; કેમ કે જેમ સ્વના આશ્રય વિના નિર્મળ પરિણામ ઉત્પન્ન થતા નથી તેમ બાહ્યવસ્તુના લક્ષ વિના પોતાના પરિણામ વિકારપણે ઊપજતા નથી.

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૪–૨–૭૭ ]

બંધનું એક કારણ અધ્યવસાન હશે અને બીજું કારણ બાહ્ય વસ્તુ હશે–એમ શંકા કરવી યોગ્ય નથી, બંધનું કારણ એકમાત્ર અધ્યવસાન જ છે; એ વાતને અહીં આચાર્યદેવ સમજાવે છેઃ–

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ–આશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.

અધ્યવસાન જ બંધનુ કારણ છે. પરનું કરી શકું, જીવાડી શકું આદિ ભાવરૂપ અધ્યવસાન જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. પરને જીવાડી શકું, મારી શકું એવો અધ્યવસાન બંધનું કારણ છે પણ પર જીવ જીવે-મરે તે બંધનું કારણ નથી. શરીરની ક્રિયામાં એકતાબુદ્ધિરૂપ અધ્યવસાય તે જ બંધનું કારણ છે અને તે ક્રિયા અધ્યવસાનમાં નિમિત્ત છે, પણ તે ક્રિયા બંધનું કારણ નથી. અધ્યવસાયમાં બાહ્યવસ્તુનું નિમિત્તપણું છે, એટલું જ તેનું ક્ષેત્ર છે, એટલું જ તેનું કાર્યક્ષેત્ર છે. પરંતુ બાહ્યવસ્તુ બંધનું કારણ બને એવું તેનું કાર્યક્ષેત્ર નથી. માઠાભાવ કર્યાં કે શુભભાવ કર્યાં ત્યાં તે ભાવ બંધનું કારણ છે અને તે ભાવમાં જે નિમિત્તભૂત બાહ્યપદાર્થ છે તે તેમાં નિમિત્તકારણ છે પણ તે બંધનું કારણ નથી.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો બાહ્યવસ્તુનો સંગ ન કરવો એમ શા માટે કહેવામાં આવે છે? જો બાહ્યવસ્તુથી બંધ થતો નથી તો પરસંગના પ્રસંગનો તમે નિષેધ શા માટે કરો છો?

તેનું સમાધાન કરાવતાં આચાર્યદેવ ફરમાવે છે કે પરને મારું, જીવાડું આદિ જે અભિપ્રાય છે તેના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. અંતરના અભિપ્રાયના નિષેધ અર્થે બાહ્યસંગનો નિષેધ કરવામાં આવે છે. બાહ્યવસ્તુની મમતાના નિષેધ માટે પરવસ્તુનો સંગ છોડાવ્યો છે, કેમ કે અભિપ્રાયમાં બાહ્યવસ્તુ નિમિત્ત છે. નિમિત્તે એવો અભિપ્રાય કરાવ્યો નથી કે નિમિત્તથી બંધ થયો નથી, પરંતુ અભિપ્રાયમાં બાહ્યસંગ નિમિત્ત હોવાથી અભિપ્રાયના નિષેધ અર્થે બાહ્યસંગને નિષેધ્યો છે.

હિંસા આદિના ભાવ જીવે પોતે કર્યાં છે, તેમાં સામી ચીજ નિમિત્ત છે ખરી પણ તે નિમિત્તે જીવને તેવા ભાવ કરાવ્યા નથી. હિંસા આદિના જે કાંઈ પરિણામ કરે છે તેમાં આશ્રયભૂત પરચીજ છે, પરચીજ તરફ પોતે લક્ષ કર્યું છે ત્યારે હિંસાદિના પરિણામ થયા છે; છતાં પરચીજથી તે પરિણામ થયા નથી. બાહ્ય ચીજ તે પરિણામમાં નિમિત્ત છે પણ બંધનુ કારણ નથી. બંધનું કારણ તો હું પરની હિંસા કરી શકું છું એવો મિથ્યા અભિપ્રાય છે તે એક જ બંધનું કારણ છે. માટે અભિપ્રાયના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ છે, કેમ કે જે કાંઈ પરિણામ કર્યાં તેમાં બાહ્યવસ્તુ નિમિત્ત છે, આશ્રયભૂત છે. ધર્મના પરિણામ સ્વના આશ્રયે થાય છે અને હિંસા, જૂઠું, પરિગ્રહ, ભોગાદિના ભાવમાં પરદ્રવ્ય આશ્રય છે પણ પરદ્રવ્ય બંધનું કારણ નથી, પોતાના ભાવ

જ બંધનું કારણ છે.

જીવના વિપરીત ભાવમાં પરદ્રવ્ય આશ્રયભૂત છે પણ પરદ્રવ્યે તે ભાવ કરાવ્યો નથી; પોતે જ તે ભાવ કર્યા છે. કેમ કે વિષયો અકિંચિત્કર છે. વિષયો પરિણામને કરાવતાં નથી પરંતુ તેં પરિણામ કર્યાં તેમાં વિષયોનું નિમિત્તપણું છે, છતાં વિષયો બંધનું કારણ નથી. તેથી અધ્યવસાન છોડાવવા પરદ્રવ્યનો આશ્રય છોડાવ્યો છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુનું લક્ષ કરે, આશ્રય કરે તો મોક્ષમાર્ગના પરિણામ થાય. તેનો કર્તા પોતે છે અને હિંસાના, દયા–દાનના ભાવ કરે તેનો કર્તા જીવ પોતે છે પણ તેમાં લક્ષ પરદ્રવ્યનું છે, પરદ્રવ્ય તેમાં આશ્રયભૂત છે. પરદ્રવ્ય નિમિત્ત છે છતાં પરદ્રવ્યે તે ભાવ કરાવ્યા નથી અને પરદ્રવ્ય બંધનું કારણ નથી.

હિંસાના, માનના, દયાના આદિ જે કાંઈ પરિણામ કરે છે તેમાં આશ્રયભૂત બાહ્યવસ્તુ છે, બાહ્યવસ્તુના લક્ષે તે પરિણામ થયા છે. નિજ ભગવાનના લક્ષે તે પરિણામ થયા નથી પણ બાહ્યવસ્તુના લક્ષે તે પરિણામ થયા છે. છતાં બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. આ તો વીતરાગનો માર્ગ છે, ન્યાયના તર્કથી સમજાય તેવો છે. જીવના અધ્યવસાનમાં બાહ્યવસ્તુ નિમિત્ત છે પણ તે બંધનું કારણ નથી. બંધનું કારણ જે જીવનો અધ્યવસાય તેમાં બાહ્યવસ્તુ નિમિત્ત છે તેથી બંધના કારણનું કારણ બાહ્યવસ્તુ છે, પરંપરા કારણ છે પણ સાક્ષાત્ કારણ નથી. પોતાના પરિણામથી બંધ થાય અને બાહ્યવસ્તુથી બંધ માને તે મિથ્યાત્વ છે.

બાહ્યવસ્તુના અવલંબન વિના પોતાના પરિણામ વિકારપણે ઊપજતા નથી. જેમ સ્વના આશ્રય વિના નિર્મળ પરિણામ ત્રણ કાળમાં ઉત્પન્ન થતા નથી તેમ બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન ઉત્પન્ન થતા નથી. જો બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન થાય તો જેમ કોઈ શૂરવીરની માતાનો પુત્ર શૂરવીર છે તેની હૈયાતીમાં એવો અધ્યવસાય ઊપજે છે કે હું વીરજનનીના પુત્રને હણું છે. વીરજનનીના પુત્રની હૈયાતીનો આશ્રય છે તેથી તે અધ્યવસાય ઉત્પન્ન થાય છે. તે આશ્રય અધ્યવસાય ઉત્પન્ન કરાવતો નથી પણ તે આશ્રય છે ત્યારે તેવો અધ્યવસાય ઉત્પન્ન થાય છે. પરંતુ વંધ્યાપુત્રને હણું છું એવો અધ્યવસાય ઉત્પન્ન થતો નથી, કેમ કે વંધ્યાને પુત્ર નથી તો એવો અધ્યવસાય કેમ ઉત્પન્ન થાય? તેવી રીતે પરદ્રવ્યની હૈયાતીમાં અધ્યાવસાય ઊપજે છે, પરદ્રવ્યના આશ્રય વિના અધ્યાવસાન ઉત્પન્ન થતો નથી.

એવો નિયમ છે કે બાહ્યવસ્તુની હૈયાતીના આશ્રય વિના અધ્યાવસાન હોતું

નથી અને તેથી અધ્યાવસાનને આશ્રયભૂત બાહ્યવસ્તુ તેનો નિષેધ કર્યો છે. અધ્યાવસાન છોડાવવા બાહ્યવસ્તુનો આશ્રય છોડાવ્યો છે પણ એમ નથી કે બાહ્યવસ્તુનો ત્યાગ કરવાથી અધ્યાવસાન છૂટી જાય.

બાહ્યવસ્તુના આશ્રય વિના વિકારી પરિણામ થતાં નથી. વ્યવહારરત્નત્રયમાં દેવ–શાસ્ત્ર–ગુરુ આશ્રય છે, તેમાં પોતાનો ભાવ પુણ્યબંધનું કારણ છે પણ દેવ –શાસ્ત્ર–ગુરુ બંધનું કારણ નથી. ધર્મના પરિણામમાં ત્રિકાળી વસ્તુ આશ્રયભૂત છે તેમ વિકારી પરિણામમાં બાહ્યવસ્તુ આશ્રયભૂત છે. દયા–દાન–પૂજા–ભક્તિના ભાવ પરદ્રવ્યના આશ્રયે થાય છે, છતાં પરદ્રવ્ય બંધનું કારણ નથી, બંધનું કારણ તો મિથ્યાત્વ સહિતનો શુભભાવ છે. પાપભાવમાં સ્ત્રી–પુત્ર–પૈસા આદિ નિમિત્ત છે, આશ્રયભૂત છે છતાં હું તેનું કરી શકું છું એવા અધ્યવસાનથી બંધ થાય છે, સ્ત્રી –પુત્ર આદિ નિમિત્તથી બંધ થતો નથી. આશ્રયભૂત વસ્તુ ન હોય તો તેવા પરિણામ થતાં નથી, છતાં આશ્રયભૂત વસ્તુના કારણે તે પરિણામ થતાં નથી. પૂજાના પરિણામ થાય તેમાં જિનબિંબના લક્ષે તે પરિણામ થયા છે. જિનબિંબથી પૂજાના પરિણામ થયા છે તેમ નથી પણ તેના લક્ષે તે પરિણામ થયા છે; છતાં જિનબિંબ પુણ્યબંધનું કારણ નથી, મિથ્યાત્વ સહિતનો પોતાનો જે રાગ ભાવ છે તે જ બંધનું કારણ છે.

વીરજનનીના પુત્રની હૈયાતી છે તો તેને હણું છું એવા પરિણામ થાય પણ વંધ્યાને પુત્ર જ નથી તો તેને હણું છું એમ પરિણામ કેમ થાય? માટે એવો નિયમ છે કે પરના આશ્રય વિના બંધના પરિણામ થતાં નથી. વિકારી પરિણામનો આશ્રય પર છે અને નિર્વિકારી પરિણામનો આશ્રય સ્વ છે. સ્વના આશ્રયે વિકારી પરિણામ થાય તેમ બને નહીં અને પરના આશ્રયે નિર્વિકારી પરિણામ થાય તેમ બને નહીં, એવી જ વસ્તુસ્થિતિ છે. જેમ બાહ્યવસ્તુની હૈયાતી વિના મારવા આદિના પરિણામ થતાં નથી તેમ સ્વવસ્તુના આશ્રય વિના સમ્યગ્દર્શનના પરિણામ થતાં નથી. બાહ્યવસ્તુના આશ્રય વિના બંધના પરિણામ થતાં નથી અને સ્વવસ્તુના આશ્રય વિના મોક્ષમાર્ગના પરિણામ થતાં નથી.

બંધના પરિણામમાં બાહ્યવસ્તુ આશ્રયભૂત છે તેમ નકકી થતાં એક જ આત્મા છે તે વાત ન રહી અને બંધના પરિણામ સ્વના આશ્રયે ન થાય તથા ધર્મના પરિણામ પરના આશ્રયે ન થાય એ વાત અહીં સિદ્ધ થઈ; એટલે કે તારે ધર્મ કરવો હોય તો તારા આશ્રયે થશે, બાહ્યના આશ્રયે ધર્મ નહીં થાય. પૂર્ણાનંદની હૈયાતીરૂપ તારી

સ્વચીજના આશ્રય વિના પરના આશ્રયભૂત જે પરિણામ છે તેમાં એકત્વબુદ્ધિ તે સંસાર છે. ધર્મીને દયા–દાનના પરિણામમાં બાહ્યવસ્તુ આશ્રયભૂત છે પણ તે પરિણામમાં તેને એકત્વબુદ્ધિ નથી તેથી તેને આ અપેક્ષાએ નિર્જરાનું કારણ કહ્યું છે. ધર્મીને તે ભાવમાં એકત્વબુદ્ધિ નથી અને સ્વના આશ્રયના જોરમાં તે પરિણામ છૂટી જવા માટે છે તેથી તે અપેક્ષાએ તેને નિર્જરાનું કારણ કહ્યું છે.

બાહ્ય વિષયોનો નિષેધ કેમ કર્યો છે?–કે અધ્યવસાનના નિષેધને અર્થે તેનો નિષેધ કર્યો છે. બીજાને સુખી–દુઃખી કરી શકું છુ, જીવાડી–મારી શકું છું –એવો અભિપ્રાય પરનું કાર્ય કરી શકતો નથી માટે તે અભિપ્રાય નિરર્થક છે, મિથ્યા છે, અને તે મિથ્યા અભિપ્રાય છોડાવવા બાહ્ય વિષયોનો નિષેધ કરવામાં આવ્યો છે, કેમ કે તે અભિપ્રાયમાં આશ્રયભૂત પરવસ્તુ છે અને તે અભિપ્રાય બંધનું કારણ છે, માટે અભિપ્રાયનો નિષેધ કરવા અભિપ્રાયના આશ્રયભૂત પરવસ્તુનો નિષેધ કરવામાં આવ્યો છે.

ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ આત્માના ઉપયોગમાં રાગાદિને કરે તે બંધનું કારણ છે, ઉપયોગમાં રાગને જોડી દે તે સંસારભાવ છે. બંધનું કારણ રાગ સાથેની એકતાબુદ્ધિનો અધ્યવસાય છે અને અધ્યવસાયનું કારણ એટલે કે આશ્રય–નિમિત્ત બાહ્યવસ્તુ છે. કારણના પ્રતિષેધથી એટલે કે અધ્યવસાનમાં જે નિમિત્ત–આશ્રયભૂત બાહ્યવસ્તુ તેના નિષેધથી કાર્યનો એટલે કે અધ્યવસાનનો નિષેધ થાય છે. તેથી બંધનું કારણ જે અધ્યવસાય તેના નિષેધ અર્થે કારણના (અધ્યવસાનના) કારણનો–નિમિત્તનો નિષેધ કરવામાં આવ્યો છે.

જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું (અધ્યવસાનનું) કારણ છે તોપણ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. કેમ કે પ્રમાદ રહિત, જોઈને ચાલતાં, ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનિરાજના પગમાં કાળપ્રેરિત કોઈ જીવાંત ઓચિંતા ઝડપથી આવી જતાં મરી જાય છે ત્યારે તે જીવની હિંસા થવા છતાં મુનિરાજનો ભાવ ન હોવાથી તેમને બંધ થતો નથી; માટે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. બાહ્યવસ્તુ આત્માને અતદ્ભાવરૂપ છે અને જે અતદ્ભાવરૂપ છે તેનાથી જીવને બંધ થતો નથી. પરંતુ પરને જીવાડી શકું ઇત્યાદિ અધ્યવસાય જીવને તદ્ભાવરૂપ છે અને જે તદ્ભાવરૂપ છે તેનાથી જીવને બંધ થાય છે.

## નિઃસંદેહપણે તું એમ જાણ કે

# દેહદેવાલયમાં બિરાજમાન પોતે જ પરમાત્મા છે

દેહદેવાલયમાં દિવ્ય શક્તિનો દેવ પોતે બિરાજમાન છે, પરમાત્મસ્વરૂપ જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંતી શક્તિનો સાગર પરમાત્મા પોતે છે એમ નિઃસંદહપણે તું જાણ. દેહ, વાણી અને મન તથા રાગાદિ વિકારી ભાવથી ભિન્ન અનાદિ અનંત જે નિજ વસ્તુ તે એક જ પૂજવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે અને તે જ ધર્મ છે.

[ શ્રી પરમાત્મપ્રકાશ, પ્રથમ અધિકાર, ગાથા ૩૩, પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

જેમ સિદ્ધલોકમાં સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે તેમ આ દેહ–દેવાલયમાં નિજ પરમાત્મા બિરાજમાન છે અને તે જ ઉપાદેય છે તેમ અહીં મુનિરાજ કહે છે. ‘પરનું કરું–કરું’–એ આડે દેહદેવાલયમાં બિરાજમાન પરમાત્મા પોતે પોતાને ભાસતો નથી, દેખાતો નથી. વાસ્તવિક રીતે દેખે તો મૂર્તિક અને અશુચિમય દેહદેવાલયમાં બિરાજમાન દેહથી ભિન્ન મહા પવિત્ર પ્રભુ પોતે છે. દેહ તો વેદનાની મૂર્તિ છે, ભગવાન આત્મા દેહની પેઠે અશુચિ નથી. દેહ તો હાડકાં, માંસ, લોહી, વીર્યની કોથળી છે.

દેહ અપવિત્ર ને જડ છે, ભગવાન આત્મા પવિત્ર અને ચેતન છે પણ એની દ્રષ્ટિ અનંતકાળમાં ક્યારેય કરી નથી. વ્રત, તપ, પૂજા આદિ અનંતવાર કર્યાં પણ એ ક્રિયા તો રાગની છે, તે આત્મા નથી. જેમ શરીર તે આત્મા નથી તેમ રાગની ક્રિયા તે આત્મા નથી.

ચૈતન્ય આત્માનો પ્રેમ કરવો. નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેને જોવો તે ધર્મ છે. ભગવાન દેહની જેમ અપવિત્ર નથી, આનંદરસ પ્રભુ છે પણ તેની ખબર નથી એટલે બહાર ભટકે છે કે જાણે યાત્રાથી કે પૂજાથી મળી જશે. ભગવાન અંદરમાં બિરાજે છે ને બહાર વિકલ્પો ને રાગની ક્રિયામાં શોધે છે. ભગ એટલે અનંત જ્ઞાનાનંદની લક્ષ્મીવાળો આત્મા છે,

દિવ્યશક્તિનો દેવ પોતે ભગવાન છે.

જ્ઞાન ને આનંદ આદિ શક્તિનો ભંડાર તે આ દેવ પોતે છે. વસ્તુ પોતે આનંદનો નાથ પ્રભુ તે વર્તમાન દશાથી પૂજવા યોગ્ય છે. ભગવાનને પૂજવા તે વ્યવહાર છે, ધર્મ નથી. પરમ સ્વરૂપ પરમાત્મા જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા આદિનો સાગર પોતે પૂજ્ય છે. દેહ આરાધવા યોગ્ય નથી, શરીરની સેવા કરવા યોગ્ય નથી. જડની ક્રિયાને આત્મા કરી શકતો નથી. ખાવું, પીવું, હરવું, ફરવું કે બોલવું આદિ જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. જે સેવવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, પૂજવા યોગ્ય છે તે તો પોતે જ છે. વસ્તુ અનાદિ અનંત છે તે પૂજવા યોગ્ય છે, દેહ સાદિ–શાંત છે તે પૂજવા યોગ્ય નથી.

જ્યાં આત્મા છે ત્યાં વાણી ને દેહ નથી અને જ્યાં વાણી અને દેહ છે ત્યાં આત્મા નથી. શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આત્મા અનાદિ અનંત છે, તેને જાણનારી પર્યાય છે. આત્મા સિવાય દેહ, વાણી, કુટુંબ આદિમાં જેને પ્રેમ છે તેને આ નિજ આત્મા સૂઝતો નથી. જે બહારના પ્રેમમાં દોરવાઈ ગયો છે તેને ભગવાન દેખાતો નથી.

સાદિ શાંત શરીરથી ભિન્ન અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ આત્માને શરીર છે, પણ કયુ શરીર ?–કે કેવળજ્ઞાન સ્વરૂપ શરીર છે. જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનનો પિંડ, સમજણ અને જ્ઞાનનો પિંડ એ તારું શરીર છે. ચૈતન્ય પ્રકાશના નૂરનું પૂર તે તેનું શરીર છે. કેવળ જ્ઞાનની–એકલા જ્ઞાનની મૂર્તિ એ જેનું સ્વરૂપ, એ જેનું શરીર છે એવો પરમાત્મા પોતે જ છે. એવા પરમાત્માને દ્રષ્ટિમાં લેવો, દ્રષ્ટિમાં સ્વીકારવો, દ્રષ્ટિમાં સત્કાર કરવો તે ધર્મ છે.

ખરેખર તો દયા–દાનના ભાવને આત્મા કરતો નથી, કેમ કે વિકલ્પ છે તે રાગ છે, વિકાર છે અને ભગવાન નિર્વિકારી પ્રભુ છે. વસ્તુ એને કહીયે કે જેની અનંત શક્તિગુણો અંદરમાં વસ્યા છે–એવો જે આ ભગવાન તે તું છો, તેમાં પુણ્ય–પાપ અને દયા–દાનના ભાવ વસ્યા નથી; કેમ કે તે વિકાર છે. રાગ અને શરીરના સંગ વિનાનો અનાદિ અનંત ચૈતન્યઘન પ્રભુ છે. પરનું કરવું, પુણ્ય કરવું આદિ કરવું. કરવું તે મરવું છે. ભગવાન જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવ છે, તેને રાગનું કરવું તે શાંતિનું મરવું છે.

નિઃસંદેહણે તું આમ જાણ કે દેહમાં બિરાજમાન દેહથી ભિન્ન પરમાત્મા પોતે છે. રાગ દ્વેષ તો ભિન્ન છે, શરીર ભિન્ન છે, તે તો ક્યાંય રહ્યાં પણ પરમાત્માને જાણવાવાળી જે દશા છે તે નાશવાન છે, તેમાં અવિનાશી પ્રભુ વસ્યો નથી. આવો મહિમાવંત ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદન પ્રભુ તને મળવા આવ્યો–પર્યાયમાં ભેટો કરવા આવ્યો છે ત્યારે તે રાગની સાથે ભેટો કરીને તેનો અનાદર કર્યો છે.

ભાઈ! શક્તિ તરીકે તું પરમાત્મા છો, નાળિયેરમાં જેમ ટોપરાનો ધોળો ગોટો, નાળિયેરના છાલા, કાચલી તથા રતાશથી ભિન્ન છે તેમ ભગવાન આત્મા શરીરથી જુદો, કર્મથી જુદો ને પુણ્ય-પાપની લાગણીથી જુદો શુદ્ધ અને આનંદનો ગોટો છે, તેને ઓળખવો તે ધર્મ છે. બાપુ, આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે, જિંદગી ચાલી જાય છે, ભ્રમણામાં રહી જઈશ તો પછી ક્યારે આવો અવસર પામીશ? માટે ચેત, ભાઈ ચેત.

તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. દેહદેવાલયમાં ભગવાન પરમાત્મા બિરાજમાન છે. પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુ પરિપૂર્ણ છે તેમ જાણ. એમ જાણનારી પર્યાય પણ કેવડી?-કે આવા ત્રિકાળી પરિપૂર્ણ પરમાત્માને જાણી લ્યે. વસ્તુ પર્યાયમાં ન આવે પણ વસ્તુ જેવી ને જેવડી છે તેનું પૂર્ણ જ્ઞાન પર્યાયમાં થાય. તું પૂર્ણ સ્વરૂપ છો, કેવળજ્ઞાન પ્રકાશથી પ્રગટરૂપ આત્મા છો, તેને નિઃસંદેહપણે પરમાત્મા જાણ. અંદરમાં પરિપૂર્ણની દ્રષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. વસ્તુ જેવી છે તેવી યથાર્થ પ્રતીતિ થવી તેને સમ્યગ્દ્રષ્ટિ કહે છે.

જેમ ડબ્બાથી સાકર ભિન્ન છે તેમ શરીરરૂપી ડબ્બાથી આ આનંદરૂપ સાકરથી ભરપૂર ભગવાન ભિન્ન છે. તીર્થંકરદેવે આ રીતે જોયું છે, જાણ્યું છે, એવું એનું સ્વરૂપ છે. હાડ-માંસ-આદિ સર્વ અશુચિથી ભરેલા આ દેહને આત્મા સ્પર્શતો નથી, પૂર્ણ શુચિમય ભગવાન સર્વ અશુચિમય દેહને સ્પર્શતો નથી. એવો આ નિજ આત્મદેવ આદરવા લાયક છે. વર્તમાન જ્ઞાનની દશામાં આત્મદેવ આદરવા લાયક છે. જેમાંથી આનંદની દશા પ્રગટ થાય એવો આનંદનો નાથ પ્રભુ તેનો આદર કર, જ્ઞાનની વર્તમાન અવસ્થામાં અવસ્થાયી પરમાત્માનો સત્કાર, સ્વીકાર કર-એ સારાંશ છે.

---

**સમાચાર :-** તા. ૩-૫-૭૭

* પૂજ્ય ગુરુદેવનું સ્વાસ્થ્ય સારું છે, તેઓશ્રી તા. ૯-૫-૭૭ ના રોજ સોનગઢ પધારી રહ્યા છે. તા. ૨૧-૪-૭૭ થી તા. ૮-૫-૭૭ સુધી રાજકોટ મુમુક્ષુમંડળને તથા જૈન-જૈનેતર સમાજને પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસ ઝરતી વાણીનો લાભ મળી રહ્યો છે.

* કલકત્તા બડા-મંદિરજીમાં તા. ૫-૪-૭૭ થી તા. ૧૯-૪-૭૭ સુધી શિક્ષણ-શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદિશાના પંડિત શ્રી જ્ઞાનચંદજીએ આ શિક્ષણ-શિબિરમાં પંડિત શ્રી દોલતરામજી કૃત છ-ઢાળાની બીજી, ત્રીજી અને પાંચમી ઢાળ તેમની સુંદર શૈલી દ્વારા સમજાવી હતી, લોકો ઘણા ઉત્સાહથી ભાગ લેતા હતા.

## જ્ઞા.....ન.....ગો......ષ્ઠી

* આત્મા જેવડો ને જેટલો મહાન પદાર્થ છે એવડો મહાન માનવો તે જ આત્માની દયા પાળવારૂપ સમાધિ છે, અને એવા મહાન આત્માને રાગાદિ જેવડો માનવો કે મતિજ્ઞાન આદિ ચાર અલ્પજ્ઞ પર્યાય જેવડો માનવો તે આત્માની હિંસા છે. દિગંબર સાધુ થઈને પંચમહાવ્રતને પાળ્યા પણ અનાદિની પર્યાયમાં રમતું રમીને આત્માની હિંસા કરી છે. આત્માની હિંસા છોડાવી દયા પાળવા આચાર્યદેવ આત્માની મોટપની ઓળખાણ કરાવે છે.

* નિમગ્ના અને ઉન્મગ્ના નામની બે નદીઓ વૈતાઢય પર્વતમાં છે તેમાં એક નિન્મગ્ના નદી જે કોઈ વસ્તુ તેમાં પડે તેને અંદર લઈ જાય છે ને બીજી ઉમગ્ના નદી છે તે જે કોઈ વસ્તુ તેમાં પડે તેને બહાર કાઢી નાખે છે. તેમ પરની એકતાબુદ્ધિરૂપ મિથ્યાદર્શન છે તે જીવને સંસારમાં ઊંડો લઈ જઈ ડુબાડે છે અને સમ્યગ્દર્શન છે તે જીવને સંસારથી બહાર કાઢી નાખે છે.

* જે હથીયાર પોતાના જ હાથને કાપે તે હથીયાર શું કામનું ? તેમ જે જ્ઞાન પોતાને દુઃખનું કારણ થાય તે જ્ઞાન શું કામનું ? ભગવાન આત્મા જીવતી જ્યોત છે તેને જીવતી રાખે એ જ્ઞાન એના હિતનું કારણ છે.

* લાકડાનો ભારો વેચનાર તેની કિંમત બે રૂપિયા કહે ને લેનાર આઠ આને માગે તો ભારાવાળો કહે કે તેં ભારો લીધો ! લીધો ! હાલતો થા ! તેમ અહીં પુણ્યથી ધર્મ લેવા નીકળનારને ભગવાન કહે છે કે તેં ધર્મ કર્યો ! કર્યો ! હાલતો થા ! આત્માની પૂરી કિંમત આંકનારને ( આપનારને ) આત્મામાં ધર્મ પ્રગટ થાય છે.

* ........આ શરીરના ચાળા જુઓ ! નિરોગ શરીર ક્ષણમાં રોગ રૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે ? શરીરના પરમાણુને કેમ રહેવું એનું તારે કામ શું છે ? તારે કેમ રહેવું તેનું તું સંભાળને !

પ્રશ્નઃ– લોકો કહે છે કે વ્યવહારીજનને પહેલાં વ્યવહારજીવન સુધારવાનું શીખવાડવું જોઈએ.

ઉત્તરઃ – સમયસારની ગાથા ૮ માં આચાર્યદેવે આત્મા આનંદ સ્વરૂપ છે તેને ઓળખવાનું

સમજાવ્યું છે. પહેલાં દ્વીપ સમુદ્ર, લોકની રચના આદિને ઓળખવાનું કે વ્રતાદિ કરવાનું કહ્યું નહિ, પણ શુદ્ધાત્માને ઓળખવાનું સમજાવ્યું છે, ને સમજવા આવનાર હજુ આત્માને સમજ્યો નથી છતાં જિજ્ઞાસાથી ટગ ટગ જોઈ રહ્યો છે તેને કહે છે કે જે દર્શન–જ્ઞાન–ચારિત્રને હંમેશાં પ્રાપ્ત થાય તેને આત્મા કહે છે. આ વ્યવહારી જીવોને પણ પહેલાં શુદ્ધ આત્મા જ સમજાવ્યો છે. અનાદિના બંધન છૂટીને મુક્તિ કેમ થાય તે આચાર્યદેવ અજ્ઞાનીને સમજાવે છે.

* સમ્યગ્દ્રષ્ટિને વ્રતાદિના શુભ પરિણામ હોય છે, પણ તે તેને જાણવા લાયક છે. અને જેને સમ્યગ્દર્શન નથી તેને વ્રતાદિના શુભપરિણામ છે તે ભોગનું નિમિત્ત છે. આત્મા આનંદસ્વરૂપ છે તેનું ભાન નથી અને અનાદિનું રાગનું જ વેદન છે તેથી શુભરાગ તેને ભોગનું જ નિમિત્ત છે.

* આગમ પદ્ધતિને અજ્ઞાની જાણે છે પણ અધ્યાત્મપદ્ધતિના વ્યવહારને પણ જાણતો નથી તે કર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પણ શુદ્ધજ્ઞાનચેતનારૂપ વસ્તુને શ્રદ્ધતો નથી; કારણકે તે સદાય સ્વ–પર ભેદવિજ્ઞાનને અયોગ્ય છે તેથી કર્મબંધન છૂટવાના કારણભૂત જ્ઞાનમાત્ર એવા ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી, ભોગના હેતુભૂત શુભકર્મને જ ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે.

* ચોથા ગુણસ્થાને વિષય–કષાયના પરિણામ હોય છતાં તે સમ્યગ્દર્શનને બાધા કર્તા નથી અને સમ્યગ્દર્શન ન હોય છતાં અનંતાનુબંધી આદિ કષાયની મંદતા હોય છતાં મિથ્યાત્વના પાપને બાંધે છે, કેમ કે તેને સ્વભાવનો આશ્રય હોતો નથી. કોઈને (અપ્રત્યાખ્યાનના) કષાયની ઘણી તીવ્રતા હોય છતાં તેને ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છે. કોઈને બાર અંગનું જ્ઞાન હોય તેથી કાંઈ સમ્યગ્દર્શન વિશેષ નિર્મળ હોય ને કોઈને ક્ષયોપશમ થોડો હોય તેથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા ઓછી હોય એમ નથી. સમ્યગ્દર્શનના પરિણામ આત્માનો આશ્રય લઈને સ્વતંત્ર પ્રગટ થાય છે, વિષય–કષાયના પરિણામ હોય તે સમ્યગ્દર્શનને બાધા કરતા નથી પણ વિશેષ સમાધિ થઈ શકતી નથી.

પ્રશ્નઃ – શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન થયા તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે?

ઉત્તરઃ – અનંત ગુણો ફરે છે. શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે, તેથી એ બેમાં મોટો ફરે છે.

* આત્માના આનંદમાં મસ્ત મુનિવર જંગલમાં બેઠા હોય ને સિંહ–વાઘ આવીને કરડે

ત્યારે સમતા રાખે છે કે અરે! હું કર્મની ઉદીરણા કરીને ઉદયમાં લાવી કર્મનો નાશ કરવા માગતો હતો ત્યાં કર્મ સહજ ઉદયમાં આવે છે તેથી મોટો લાભ છે. મારે શરીર જોઈતું નથી ને સિંહ–વાઘને શરીર જોઈએ છે તો લઈજા. તું મારો મિત્ર છો, તારે જોવે છે ને મારે જોઈતું નથી તો લઈજા ભાઈ!

* કોઈ આકરી પ્રતિકૂલતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર પરમાનંદ સ્વરૂપ દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો.

* આ દેહનો સંચો (મશીન) તો એવું છે કે મેસુબ મેવા આદિ ખાય તોય તેની આઠ કલાકે વિષ્ટા થઈ જાય, ને આ ભગવાન આત્માનો સંચો એવો છે કે એકાગ્ર થતા એક ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ થાય અને સમ્યગ્દર્શન પણ ક્ષણમાં કેવળજ્ઞાનસ્વભાવી આત્માને પ્રતીતમાં લ્યે છે.

* શાસ્ત્રમાં શુભરાગને અશુચિ કહ્યો છે. અહાહા! શરીરની અશુચિ તો ક્યાંય રહી ગઈ! અહીં તો શુભરાગના વ્યવહાર તેને પણ અશુચિ કહે છે.

* સાધુ જંગલમાં જતા હોય ને હાથ ભાંગે ત્યારે સંથારો કરી લ્યે છે. આનંદના સાગરમાં રમનારા છે, આનંદસાગરમાં ઊંડા ઊતરી જાય છે, શરીરનું થાવું હોય તેમ થાવ, આત્માની સંભાળમાં ઊંડા ઊતરી જાય છે. સનતકુમાર ચક્રવર્તી કામદેવ જેવું શરીર ને મુનિદશામાં ૭૦૦ વર્ષ ગળતકોઢ રહ્યો છતાં આત્માના આનંદમાં મસ્ત છે, મોઢાનું થૂંક ચોપડતા રોગ મટી જાય તેવી લબ્ધિ છે છતાં રોગ મટાડવાનું પણ લક્ષ નથી એવી દશા મુનિપણાની હોય છે.

* કેરીને રંગથી જુઓ તો રંગરૂપે પરિપૂર્ણ છે, ગંધથી જુઓ તો ગંધરૂપે પરિપૂર્ણ છે, રસથી જુઓ તો રસરૂપે પરિપૂર્ણ છે ને સ્પર્શથી જુઓ તો સ્પર્શરૂપે પરિપૂર્ણ છે. તેમ આત્માને જ્ઞાનથી જુઓ તો જ્ઞાનરૂપે પરિપૂર્ણ છે, દર્શનથી જુઓ તો દર્શનરૂપે પરિપૂર્ણ છે, સુખથી જુઓ તો સુખરૂપે પરિપૂર્ણ છે ને વીર્યથી જુઓ તો વીર્યરૂપે પરિપૂર્ણ છે. એમ કોઈ પણ એક ગુણથી જોતાં આત્મા તે–રૂપે પરિપૂર્ણ દેખાય છે.

* જ્ઞાયકને ભજતાં કોઈ દિ' કોઈ પાછા પડયા છે? એમ બને જ નહિ, એમ વીરવાણી કહે છે. એકલો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ છે એ ભગવાનનું મૂલ્ય છે, એક સમયની પર્યાયનું પણ મૂલ્ય નથી. ત્રિકાળી ભગવાન મૂલ્યવાન છે એના મૂલ્ય છે. જ્ઞાનમાં એના સંસ્કાર નાખ! તેનું ફળ તને આવશે, મુંઝાવા જેવું નથી. ભાઈ! જન્મ–મરણ રહિત થવાની વાતો બહુ અલૌકિક છે.

* શુભરાગને સ્થૂલ સ્થૂલ કહ્યો છે, ભલે તીર્થંકર ગોત્રનો શુભરાગ હોય પણ તે સ્થૂલ સ્થૂલ ભાવ છે તેથી તેને જડ કહ્યા છે. ચૈતન્યભાવ તે જાગૃતભાવ છે તે અજાગૃતરૂપે કેમ થાય? એટલે કે નિશ્ચય છે તે વ્યવહારરૂપે કેમ થાય?

* અરે ભાઈ! રાગનું કરવું ને ભોગવવું તો તેં અનંતીવાર કર્યું છે. ભાવ પરાવર્તનમાં શુભરાગ અનંતીવાર કર્યાં છે. શુભરાગ સાથે એકત્વબુદ્ધિ રાખીને નવમી ગ્રૈવયક અનંતવાર ગયો પણ ભિન્ન આત્માનું એકત્વ ભાસ્યું નહિ. રાગથી ભિન્ન આત્માનું એકત્વ સદાકાળ અંતરમાં પ્રકાશમાન છે પણ રાગની એકતાથી એની દ્રષ્ટિમાં ઢંકાઈ ગયું છે તેથી દેખવામાં આવતું નથી. રાગ છે તે હું છું ને શુભરાગથી મને લાભ થાય છે એ માન્યતા જ આત્માનું અત્યંત ભૂંડુ કરનારી છે, વિસંવાદ ઊભો કરનારી છે, આત્માનું બૂરું કરનારી છે. તેથી શુભરાગથી ભિન્ન આત્માનું એકત્વ આચાર્યદેવે સમયસાર ગાથા ચોથીમાં સમજાવ્યું છે.

* અહાહા! પોતે જ સવજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ સર્વજ્ઞસ્વભાવી છે. જ્ઞાન, આનંદ આદિ અનંત રત્નોથી ભરેલો રત્નાકર ભગવાન પોતે જ છે એને અપૂર્ણ અલ્પજ્ઞ પર્યાયવાળો માનવો એ પણ મિથ્યાભ્રમ છે તો રાગને પોતાનો માને એ તો મિથ્યાદ્રષ્ટિ છે જ.

* પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહ્યું છે કે જે વ્યવહારને પકડે છે તે જીવ દેશના સાંભળવાને લાયક નથી. કેમકે અમારે સંભળાવવું છે પરથી ભિન્ન આત્માના એકત્વરૂપ નિશ્ચયને, એ નિશ્ચય સ્વરૂપને તો ગ્રહણ કરતો નથી ને એકલા વ્યવહારને જ પકડે છે તે દેશના સાંભળવાને પાત્ર નથી.

* ચુડાગામમાં ઘણા વર્ષો પહેલાં એક કંદોઈની દુકાને તેલનું કડાયું ઉકળતું હતું. તેના ધુમાડાથી ઉપરમાં રહેલો સર્પ ગરમીથી મુંજાઈને ઉકળતાં તેલના કડાયામાં અડધો પડયો ને અડધો કડાયા બહાર, કંદોઈએ જારાથી ઊંચકીને બહાર કાઢયો પણ એ પીડાથી મુંઝાયેલો સર્પ સળગતી લાકડાની ચુલમાં ઘુસી ગયો ને સળગી મર્યો. અહાહા! બચવાના ઉપાયની ખબર નથી તેથી મરવાના ઉપાયમાં ગયો. તેમ અજ્ઞાની સુખને ઇચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી, જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમા ઝંપલાવી મરે છે. અહા! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે.

* શ્રેણિક રાજા અનેક રાજાઓના મોટા રાજા હતા ને નરકમાં ગયા. ક્ષાયિક સમ્યક્ છે, તીર્થંકર ગોત્ર બાંધ્યું છે ને ૮૪ હજાર વર્ષની આયુષ્યની સ્થિતિએ નરકમાં અત્યારે

છે ને અત્યારે પણ નરકમાં તીર્થંકર ગોત્ર બાંધી રહ્યા છે. જે સમ્યક્ સહિત નરકના સંયોગોની અસહ્ય વેદનામાં પડયાં છે એ જ સમ્યક્ લઈને આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થઈને સિદ્ધ થવાના છે. અહાહા! વિચિત્રતાતો જુઓ!

* સમયસારની પહેલી ગાથામાં જ કહ્યું કે અનંતા સિદ્ધોને મારા જ્ઞાનમાં સ્થાપું છું. ઉપર સિદ્ધલોકમાં અનંતા સિદ્ધો તો છે જ પણ એથી પોતાને શું? તેથી કહ્યું કે મારા જ્ઞાનમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું–પધરાવું છું. અહાહા! પહેલી ગાથામાં જ આ વાત નાખી છે, રાગ છે તે અલ્પજ્ઞતા છે તેને યાદ ન કર્યો પણ પૂર્ણતાનું સ્થાપન કર્યું!

* આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ, આમાં કાંઈ મુંઝાવા જેવું નથી, સાંભળીને હા પાડતાં હકાર આવતાં અંદર સંસ્કાર પડતાં જાય છે.

* શ્રી પદ્મનંદિ આચાર્ય બ્રહ્મચર્યનો મહિમા કરીને કહે છે કે અરે યુવાનો! તમને મારી વાત ન રુચે તો હું મુનિ છું તેમ જાણીને માફ કરજો. એમ આ તત્ત્વની પરમ સત્ય વાત અમે કહીએ છીએ, બંધનથી છૂટવાના કારણભૂત પરમ અધ્યાત્મ તત્ત્વની વાત કહીએ છીએ, છતાં કોઈને અનાદિના આગ્રહવશ ન રુચે તો અમને માફ કરજો. ભાઈ! અમે તો મોક્ષના માર્ગે છીએ એથી અમે બીજું શું કહીએ! તમને ન રુચે ને દુઃખ થાય તો માફ કરજો ભાઈ!

* તીર્થંકર ગોત્રનો બંધ થાય તે અપરાધરૂપ ભાવ છે, અપરાધ તે ઉપાદેય કેમ હોય? અને અપરાધ વડે મોક્ષમાર્ગ કેમ થાય? આત્મા એકલો આનંદ સ્વરૂપ અમૃત છે એનામાંથી આનંદામૃતનો સ્વાદ આવે તે મોક્ષમાર્ગ છે. શુભરાગ એ તો ચૈતન્યથી વિપરીત સ્વરૂપ હોવાથી ઝેરનો સ્વાદ છે, આકુળતાનો સ્વાદ આવે છે, તે મોક્ષમાર્ગનું કારણ કેમ થાય?

* અરે! એક વિકલ્પ ઊઠાવવો એ પણ ફાંસી છે ત્યાં બીજા મોટા વિકલ્પના ખળભળાટની શું વાત? એક તીર્થંકરગોત્રનો વિકલ્પ ઊઠે એ પણ અપરાધ છે. વ્યવહારરત્નત્રય એ આત્માનો તિરસ્કાર કરનાર ભાવ છે. વીતરાગે કહેલાં છ આવશ્યક એ પણ દુઃખનું કારણ છે, શુભરાગને અણ–આચાર કહ્યો છે.

* જવ પૂર્વક જવ થાય છે તેમ નિમિત્તના લક્ષે થતા વિકાર તે કર્મનું કાર્ય છે. તેમ કહીને ચૈતન્યમાંથી કાઢી નાખ્યા છે. ભેદજ્ઞાનરૂપી કરવતથી ભગવાન આત્માને રાગથી જુદો કરી નાખ્યો છે.
* ચક્રવર્તીને ૧૪ રત્નો હોય છે તેની એક એક હજાર દેવો સેવા કરે છે પણ તે ખરા રત્નો નથી, તે તો આકુળતાને ઉત્પન્ન કરનારા છે અને આ ભગવાન આત્મા તો અનંતા રત્નોથી ભરેલો રત્નાકર છે. તેમાં સુખ શાંતિ આનંદ–વીર્ય–સ્વચ્છતા –વિભૂતા–પ્રભુતા–પ્રકાશતા–સર્વજ્ઞતા આદિ અનંતા રત્નોનો મોટો મહાસાગર છે. એમાં ડુબકી માર તો કલ્યાણ થાય.
* લોકો કહે છે કે પહેલાં આ શુભ રાગ કરવો, પહેલાં આ વ્યવહાર કરવો એમ આ કરવું ને તે કરવું તેમ કહે છે પણ ભાઈ! જેમાં જન્મ–મરણ નથી એવી ચૈતન્ય–વસ્તુનું લક્ષ કરવું એ મૂળ ચીજ છે. પછી વ્યવહાર તેને યોગ્ય હોય છે પણ તે મૂળ વસ્તુ નથી. મૂળ વસ્તુનું પ્રથમમાં પ્રથમ લક્ષ કરવાનું છે.
* આત્મામાં શરીર–વાણી–મન તો અડતા નથી, રાગ પણ આત્માને અડતો નથી અને એક સમયની નિર્મળ પર્યાય છે તે પણ અંદર ધ્રુવ વસ્તુને અડતી નથી–એવી વસ્તુ છે.
* વીતરાગભાવથી આત્માને દેખે છે તે જૈનશાસનને દેખે છે–અનુભવે છે. અંદર આત્મા શાશ્વત આનંદ સ્વરૂપ દેવ છે. શરીર–વાણી–કર્મ ને રાગ તો બહાર રહી ગયા, અંદર શાશ્વત દેવ બિરાજે છે તેને દેખે છે તે જ જૈનશાસનને દેખે છે ને અનુભવે છે.
* વસ્તુ છે તે પુણ્ય–પાપરૂપે કેમ થાય? પુણ્ય–પાપરૂપે થાય તો વસ્તુ–આત્મા જડરૂપ થઈ જાય. જેમ મીઠું ઓગળીને પાણીરૂપે થઈ જાય છે તેમ નિત્ય ઉપયોગરૂપ આત્મા પુણ્ય–પાપરૂપે થાય તો જડ થઈ જાય.
* આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છે. ને! "ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર". જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઊતરશે.
* સમયસાર ગાથા ૪૫ માં આઠ કર્મના ફળને દુઃખરૂપ કહ્યા છે, શાતાના ફળને પણ દુઃખરૂપ કહ્યા છે. આ તો જેને ચારગતિના દુઃખ લાગ્યા હોય તેને માટે આ વાત છે. પ્રતિકૂળતાથી દુઃખ લાગે તે નહિ સ્વર્ગ પણ જેને દુઃખરૂપ લાગે છે તેને માટે આ આત્મહિતની વાત છે.

* અહાહા ! આ પરમેશ્વર તત્ત્વની રુચિ લાવ, પ્રતીતિ લાવ, વિશ્વાસ લાવ, પોતે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ પરમાત્મા છે એને અપૂર્ણ પર્યાયવાળો માનવો એ પણ મિથ્યા ભ્રમ છે, રાગને પોતાનો માનવો એ તો મિથ્યાત્વ છે જ.

* જિનવરે કહેલાં શીલ–વ્રત–તપ આદિથી પરિપૂર્ણ વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક પાળવા છતાં અને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનો મહા વિનય–ભક્તિ આદિ સાવધાનીપૂર્વક કરવા છતાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિજ આત્માના ભાન વિના આત્માના જ્ઞાન–શ્રદ્ધાનથી શૂન્ય હોવાથી મિથ્યાદ્રષ્ટિ છે.

પ્રશ્નઃ – જિનવરે કહેલાં વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક પાળવાથી સમ્યગ્દર્શન થવાનું કારણ તો થાયને ?

ઉત્તરઃ– જરીયે કારણ થાય નહિ. સમ્યગ્દર્શન થવાનું કારણ તો પોતાનો ત્રિકાળી આત્મા જ છે. ભગવાને કહેલા વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક અને પરિપૂર્ણ પાળે તો પણ તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. આ તો વીરાનો માર્ગ છે–શૂરાનો માર્ગ છે, કાયરનુ કામ નથી. શુભરાગને ધર્મ કે ધર્મનું કારણ માનનાર બધા કાયર છે.

* સર્પ કરડેલ હોય તેને લીંબડો કડવો હોવા છતાં મીઠો લાગે છે. તેમ મિથ્યાત્વના ઝેર જેને ચડેલા છે તેને પરદ્રવ્યમાં મીઠાશ લાગે છે. મિથ્યાત્વના ઝેર ઊતરતાં સમ્યગ્દ્રષ્ટિને પરદ્રવ્યની મીઠાશ ઉડી જાય છે. ભલે હજુ આસક્તિ છૂટી ન હોય પણ પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે.

* ત્રિકાળી દ્રવ્ય છે તે પરિપૂર્ણ છે, તે દ્રવ્યની શ્રદ્ધા થાય છે તે પણ પરિપૂર્ણ છે. વસ્તુ પરિપૂર્ણ છે અને તેની શ્રદ્ધાનો પર્યાય છે તેમાં દ્રવ્ય પરિપૂર્ણ આવતું હોવાથી તે શ્રદ્ધાનો પર્યાય પણ પરિપૂર્ણ છે. આમ તો દરેક અંશ પોતપોતાથી પરિપૂર્ણ છે પણ અહીં તો એમ કહેવું છે કે શ્રદ્ધાના અંશમાં પરિપૂર્ણ વસ્તુ આવી હોવાથી તે અંશને પણ પરિપૂર્ણ કહેવામાં આવે છે.

* અરે ભાઈ ! તારી મોટપ છે તે તને ભાસતી નથી તેથી તું બીજાને મોટપ દેવા જાય છે. તારું તત્ત્વ જેવડું મોટું છે તે તને બેસતું નથી તેથી તું બીજાને મોટપ દેવા જાય છે. તારા તત્ત્વની મોટપ ભાસતી નથી તેથી તું રાગના વ્યવહારને મોટપ દેવા જાય છે. નિમિત્તને મોટપ દેવા જાય છે, પણ ભાઈ ! પરની મોટપના ભાવમાં તારી મોટપ હણાતા મિથ્યાત્વનું મહાન દુઃખ તને થાય છે, તેનું તને ભાન નથી.

* આવો મોટો આનંદસ્વપ ભગવાન આત્મા દેહમાં બિરાજે છે પણ એનો તું વિશ્વાસ

કરતો નથી અને બહારના બીજા પદાર્થનો વિશ્વાસ કરે છે કે દવાથી રોગ મટશે, પાણીથી તૃષા મટશે, ખોરાકથી ભૂખ મટશે એમ વિશ્વાસ કરે છે પણ પોતાના ભગવાન સ્વરૂપનો ભરોસો કરતો નથી તેથી ચારગતિમાં રખડવાનું મટતું નથી.

* જ્ઞાની વિચારે છે કે મારા દોષ ગ્રહણ કરીને જો કોઈ અજ્ઞાની સુખી થાય છે તો તે મને લાભ છે. જેમ કોઈ જીવ બીજા જીવને ધનાદિ આપી ઉપકાર કરી સુખી કરે છે તો મેં તો ધનાદિ કાંઈ આપ્યુ નથી ને સામો જીવ મારા દોષ ગ્રહણ કરી સુખી થાય છે એ તો મારા ધનાદિ દીધા વિના સુખી થવાથી મને લાભ છે તેમ માની રોષ કરતો નથી.

* તલના ફોતરા જેટલો સૂક્ષ્મ રાગ–વિકલ્પ એ શલ્ય સમાન હોવાથી મનને દુઃખ કરે છે, આત્મા જ્ઞાનાનંદસ્ રૂપ છે, અનંત ગુણમય છે એવો ભેદરૂપ વિકલ્પ છે તે શલ્ય સમાન દુઃખરૂપ છે, આત્માને ઘા મારે છે, આત્માને પીડા કરે છે, જેમ શરીરમાં લોખંડના બાણની જીણી કણી રહી જાય તો તે શરીરમાં સડો કરે છે, પીડા કરે છે, દુઃખ કરે છે. પરની ચિંતા તો દુઃખરૂપ છે તેથી છોડવા જેવી જ છે પણ મોક્ષની ચિંતા પણ દુઃખરૂપ છે, મોક્ષની ચિંતા કરવાથી મોક્ષ થતો નથી તેથી મોક્ષની ચિંતા પણ છોડ!

* એક સમયની પર્યાય છે તેને ભેળવીને દ્રવ્યને પરિપૂર્ણ માને છે તે ત્રિકાળી દ્રવ્યને કલંકરૂપ માને છે. ધ્રુવવસ્તુ પર્યાયની અપેક્ષા વિના પોતાથી પરિપૂર્ણ છે. ઉત્પાદનો અંશ પરલક્ષે થાય તે પરિપૂર્ણ નથી પણ સ્વલક્ષે જે નિર્મળ નિર્મળ શ્રધ્ધા–જ્ઞાનનો ઉત્પાદ પર્યાય થાય છે તે અંશમાં પરિપૂર્ણ વસ્તુ આવી હોવાથી તે અંશ પણ પરિપૂર્ણ છે. ત્રિકાળી વસ્તુ પરિપૂર્ણ છે અને તે જે નિર્મળ અંશમાં આવે છે તે અંશને પણ પરિપૂર્ણ કહેવામાં આવે છે.

* વૃક્ષમાંથી લાખ ઉત્પન્ન થાય છે છતાં તે વૃક્ષનો વિકૃત ભાવ હોવાથી લાખ તે વૃક્ષને ઘાત કરનાર છે. તેમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. તેમાં જે પુણ્ય–પાપના ભાવ ઉત્પન્ન થાય છે તે આત્માનો વિકૃત ભાવ હોવાથી આત્માની શાંતિને હણનારો છે–ઘાત કરનારો છે એ શુભરાગ તે ઘાતક હોવાથી આત્માને લાભ કરે–હિત કરે એમ માનવું તે મિથ્યાત્વ છે.

* સ્વના જ્ઞાનની પર્યાયમાં આત્મા નિમિત્ત છે તેથી તે જ્ઞાનને આત્માનું જ્ઞાન કહ્યું અને પરના જ્ઞાનની પર્યાયમાં શબ્દશ્રુત નિમિત્ત છે તેથી તે જ્ઞાનને શબ્દનું જ્ઞાન કહ્યું. અહાહા! અગીયાર અંગનું જ્ઞાન હોવા છતાં આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાથી તેને શબ્દનું જ્ઞાન કહ્યું છે.

જામનગરમાં મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવ દ્વારા ઉદ્‌બોધન

# બંધની નિવૃત્તિનો માર્ગ : ભેદજ્ઞાન

જામનગર શહેરમાં તા. ૧૩–૪–૭૭ થી તા. ૨૦–૪–૭૭ સુધી પૂજ્ય ગુરુદેવ બિરાજ્યા હતા. ૨૦–૪–૭૭ ના રોજ પૂજ્ય ગુરુદેવની ૮૮મી જન્મ–જયંતી હોવાથી ગુજરાત ઉપરાંત ભિન્ન ભિન્ન પ્રાંતના મુમુક્ષુઓ જન્મ–જયંતી ઉજવવા તથા પૂજ્ય ગુરુદેવના આત્મકલ્યાણકારી પ્રવચનોનો લાભ લેવા આવ્યા હતા. જામનગરના જૈનસમાજે તથા જૈનેતર જિજ્ઞાસુ ભાઈઓએ પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસ ઝરતી વાણીનો હોંશે હોંશે લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવે તેઓશ્રીની આત્મોન્નતિપ્રેરક શૈલીમાં શ્રી સમયસારની ગાથા ૬૯ થી ૭૩ ઉપર પ્રવચનો આપ્યા હતા.

શ્રી સમયસારની ગાથા ૭૧ પર સરળ શૈલીમાં સમજાવતાં પૂજ્ય ગુરુદેવે કહ્યું કે :

આ એક સમયસાર એટલે કે આત્માને બતાવનારું શાસ્ત્ર છે. જેમ સાકર શબ્દ સાકરને બતાવે છે, સાકર પદાર્થમાં સાકર શબ્દ નથી અને સાકર શબ્દમાં સાકર પદાર્થ નથી, સાકર શબ્દનું વાચ્ય સાકર પદાર્થ છે. તેમ સમયસાર શબ્દમાં આત્મા નથી ને આત્મામાં સમયસાર શબ્દ નથી પણ સમયસાર શબ્દનું વાચ્ય આત્મા છે. ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યપણે થાય ને વિકારપણે ન થાય તેનું નામ સમયસાર.

વસ્તુનો જે સ્વભાવ ચિદાનંદ સત્‌ અતીપ્ત જ્ઞાન અને અતીપ્ત આનંદમય છે એના ભાન વિના પુણ્ય–પાપભાવ આસ્રવ છે એટલે કે તેનાથી નવા આવરણો આવે છે, તે ધર્મ નથી. ભગવાન આત્મા અનાદિ નિત્ય છે, તેની વર્તમાન દશામાં ભૂલ છે, જો ભૂલ ન હોય તો આ પરિભ્રમણ ન હોઈ શકે. એ ભૂલ શું છે?

વસ્તુ એકલી કૂટસ્થ નથી, કેમ કે ધ્રુવ ધ્રુવને ન જાણે, તેની પર્યાય ધ્રુવને જાણે એટલે કે વસ્તુ નિત્ય પરિણામી છે. બદલતી પર્યાય જો ન હોય તો સુખ–દુઃખ ન હોય.

શાંત સહજ અકષાય ત્રિકાળી સ્વરૂપ છે તેને ભૂલીને જે પુણ્ય પાપની વૃત્તિઓ ઉઠે છે તેમાં જોડાઈ જાય છે તે ભૂલ છે.

પુણ્ય–પાપના વિકલ્પની હૈયાતી દશામાં છે પણ વસ્તુમાં તેની હૈયાતી નથી. એ દશામાં પ્રવર્તન કરીને–એ દશા મારી છે એમ પુણ્ય–પાપનો કર્તા થઈને સંસારમાં રખડે છે. જાણનાર–દેખનાર વસ્તુ જડથી જુદી છે તેને જુદી ન જાણતાં જે શુભ–અશુભ વૃત્તિઓ ઊઠે તેને મારી માને છે તે માન્યતા મિથ્યા છે. વસ્તુ છે તે સ્વભાવવાન છે, સ્વભાવ છે તે પરિપૂર્ણ છે, તે પરિપૂર્ણતાની દ્રષ્ટિ ન કરતાં અનાદિથી પુણ્ય–પાપની પ્રવૃત્તિ કરતો થકો ચાર ગતિમાં રખડે છે તેથી તે દુઃખી છે.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભુ! આ પુણ્ય–પાપના ભાવની પ્રવૃત્તિનો અભાવ કયારે થાય? ભગવાન આત્મામાં જે પુણ્ય–પાપની વૃત્તિ ઊઠે છે તે જેમ શકરીયામાં ઉપરની લાલ છાલ શકરીયાથી જુદી છે તેમ આત્માના સ્વભાવથી તે જુદા છે. પુણ્ય–પાપના ભાવ તેના સ્વભાવમાં નથી પણ આંગતૂક છે. ભગવાન આત્મા અતીપ્ત આનંદનો સાગર છે, તેમાં પુણ્ય–પાપના ભાવ નથી પણ તેની વર્તમાન દશામાં–હાલતમાં તે ભાવનો કર્તા થઈને પ્રવૃત્તિ કરે છે માટે તે દુઃખી છે. તેથી શિષ્ય કહે છે કે પ્રભુ! અમે પુણ્ય–પાપના ભાવની કર્તાકર્મની પ્રવૃત્તિથી અનાદિથી દુઃખી છીએ, એ દુઃખથી હવે કેમ મુક્ત થવાય? આવી ધગશનો જેનો પ્રશ્ન ઉઠયો છે, જેને દુઃખથી મુક્ત થવાની તાલાવેલી જાગી છે તેને આચાર્યદેવ અહીં સમજાવે છે કેઃ

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧

આ જગતમાં–એમ કહેતાં જગત છે તેમ સિદ્ધ કર્યું, ચૌદ બ્રહ્માંડ છે. સર્વજ્ઞદેવે જગતને જોયું તેમાં છ જાતિના તત્ત્વો છે. આત્મામાં જગત નથી પણ જગતમાં જગત છે. કોઈ કહે કે આત્મા એક જ છે તો એમ નથી. વસ્તુ છે, આત્મા છે, રજકણો છે, પરમાણુ છે. પરમાણુ જ્ઞેય છે તે જ્ઞાનમાં જણાય તેવી ચીજ છે અને આત્મા જ્ઞાનનો પિંડ છે. જેમ સાકર ગળપણનો પિંડ છે તેમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો પિંડ છે.

આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે. આત્મા જ્ઞાનમાત્ર છે, દરેક વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે બીજી વસ્તુ સાથે તેને સંબંધ નથી. એક આંગળીનું હોવાપણું પોતાથી છે ને બીજી આંગળીથી નાસ્તિ છે. અહીં તો પ્રભુ કહે છે કે આ જગતમાં અનંતી વસ્તુ છે, વસ્તુમાં શક્તિઓ વસેલી છે. આત્મા વસ્તુ છે તેમાં જ્ઞાન આનંદ

આદિ શક્તિ વસેલી છે. પરમાણુ વસ્તુ છે તેમાં રંગ ગંધ આદિ શક્તિ વસેલી છે. પ્રત્યેક વસ્તુ સ્વભાવમાત્ર જ છે. પોતાના સ્વભાવમાત્ર જ વસ્તુ છે ને પરનો તેમાં અભાવ છે. ભગવાન તું કોણ છો ? ક્યાં છો ? જ્યાં તું છો ત્યાં તે તને માન્યો નથી ને જ્યાં તું નથી ત્યાં તેં તને માન્યો છે. તેથી અનંત ભવમાં રખડયો છો.

સ્વભાવ શું છે ? કે સ્વનું ભવન થવું તે સ્વભાવ છે. પોતાનું પરિણમન થવું તે સ્વભાવ છે. સ્વ જે જ્ઞાન ને આનંદ છે તેનું ભવન થવું એટલે કે દશામાં જ્ઞાન ને આનંદનું થવું તે સ્વભાવ છે. જગતમાં જેટલા તત્ત્વો છે તે તેના સ્વભાવવાળા છે અને તેનું પરિણમન થવું–અંશપણે પરિણમવું થાય તેને સ્વનું ભવન કહેવામાં આવે છે.

હવે આત્માની વાત કરે છે કે ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર છે, જ્ઞાતાદ્રષ્ટાના સ્વભાવનું નૂરનું પૂર છે, તેનું જ્ઞાન ને આનંદરૂપે દશામાં પરિણમન થવું તેને ધર્મની પરિણતિ કહેવામાં આવે છે; ધર્મ એ આત્માની નિર્મળ દશા છે, પુણ્ય–પાપ એ આત્માની વિકારી અધર્મ દશા છે.

જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે, જ્ઞાન ને આનંદનું પૂર છે, તેની સન્મુખ થઈને વર્તમાન દશામાં પરિણમન થવું તે આત્મા છે. જ્યારે આ આત્મા ધર્મદશારૂપે પરિણમે ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. અરે ભાઈ ! તને તારી ખબર નથી. અરે ! તેં એટલા તો ભવ કર્યાં છે કે તારી માતાની હૈયાતીમાં તું મરી ગયો ને તારી માતા રડી તે આંસુઓથી દરિયાઓ ભરાય, નાથ ! તેં અનંતા ભવભ્રમણ કર્યા પણ ભૂલી ગયો ભાઈ !

આ જગતમાં સર્વજ્ઞદેવ વર્તમાનમાં બિરાજમાન છે, મહાવિદેહક્ષેત્રમાં અરિહંત પરમાત્મા બિરાજે છે. આત્માના આશ્રયે પુણ્ય–પાપરૂપી વેરીને હણ્યા અને શક્તિમાં જે પૂર્ણ જ્ઞાન ને આનંદ છે તેને પર્યાયમાં પ્રગટ કર્યાં, તેને સર્વજ્ઞ પરમાત્મા કહે છે. તેમની વાણીથી રચાયેલા આ શાસ્ત્રો છે, તેઓનું આ ફરમાન છે. કહે છે કે આ જગતમાં તત્ત્વો છે તે પોતાના સ્વભાવ સ્વરૂપ જ છે. સ્વભાવવાન દ્રવ્ય તે કાયમી સ્વભાવમાત્ર છે. ભગવાન આત્મા અતીપ્ત જ્ઞાન ને આનંદ સ્વરૂપ સ્વભાવે છે તેવી દશામાં થાય તે આત્મા છે.

પરની દયાનો ભાવ છે તે રાગ છે ને રાગ છે તે નિજ સ્વરૂપની હિંસા છે. પરને બચાવવાનો ભાવ આવે ખરો હો ! –પણ તે રાગ છે ને રાગ છે તે સ્વરૂપની હિંસા છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો ! દેહને ન જો, અંદર જે કર્મ છે તેને ન જો, પુણ્ય–પાપના વિકલ્પ થાય તેને તું ન જો. પુણ્ય–પાપના વિકારમાં પ્રવર્તતો પોતાને ભાસે તે મૂઢ છે.

જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, તેની સન્મુખ થઈને પરિણમન થવું તેને આત્મા કહીયે, સમજાય છે કાંઈ ? સમજાય તો તો કલ્યાણ થઈ જાય, પણ અહીં જે કહેવામાં આવે છે તેની વિધિ ને રીત સમજાય છે ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મ છે, તેનું પર્યાયમાં પરિણમન થાય ત્યારે તેને ધર્મ કહે ને ત્યારે તે આત્મા થયો કહેવાય છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે બિરાજમાન છે તેનું દશામાં થવું એટલે કે વિકારના વેદનનો નાશ થઈને જ્ઞાન ને આનંદનું થવું તે આત્મા છે. આત્મા ક્યારે કહીયે ?–કે જ્ઞાન ને આનંદનું દશામાં પરિણમવું થાય ત્યારે તેને આત્મા કહીયે.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ છે તેનાથી વિરુધ્ધ જે પુણ્ય–પાપના ભાવનો જેને પ્રેમ છે તેને આત્માના ત્રિકાળી ભાવનો દ્વેષ છે, તેથી પુણ્ય–પાપના ભાવને ક્રોધાદિ કહ્યા છે. સ્વભાવનો પ્રેમ નથી ને પુણ્ય–પાપના પરિણામનો પ્રેમ છે તેને સ્વભાવનો દ્વેષ છે. ચૈતન્યનો પ્રેમ છોડીને જે વિકારના પરિણામનો પ્રેમી થયો તેને સ્વભાવ ભાસતો નથી, વિકાર ભાસે છે ક્રોધ ભાસે છે.

અરેરે બાપુ ! તેં વિચાર નથી કર્યો ભાઈ ! લસણ– ડુંગળીની રાય જેટલી કણીમાં અસંખ્ય ઔદારિક શરીર હોય છે ને એક શરીરમાં અનંત જીવ હોય છે એવા તો તેં અનંત ભવ કર્યાં. એ કેમ કર્યાં ?–કે આત્મા ‘જ્ઞ’ સ્વભાવી વસ્તુ છે, આત્મા જેવી વસ્તુ છે તેવી તે રીતે ન ભાસી ને તેનાથી વિરુધ્ધ ભાવ તે પણે હું છું, પુણ્ય–પાપના વિકારપણે હું છું એમ માનીને તેના ફળમાં એવા અનંત ભવ કર્યાં છે.

આત્માના આનંદના ભાન વિના જે કાંઈ પુણ્ય–પાપના વિકારીભાવ થાય તેના વેદનમાં પ્રભુ ! તું દુઃખી છો. જ્ઞાયક ચિદાનંદ પ્રભુ પર દ્રષ્ટિ પડતાં, દશામાં જે અનાદિનું પુણ્ય–પાપનું વેદન છે તેના સ્થાને જ્ઞાનાનંદનું વેદન થતાં તે દુઃખનો નાશ થાય છે. જ્ઞાનાનંદનો સાગર પ્રભુ છે, તેની દ્રષ્ટિ થતાં જ્ઞાનનું થવું, આનંદનું થવું, શાંતિનું થવું, વીતરાગતાનું થવું થાય ત્યારે તેને આત્મા કહે છે.

પ્રભુ ! તું તો જ્ઞાતાદ્રષ્ટાનો સાગર છો ને ! તેની દ્રષ્ટિ થતાં દશામાં તેનું પરિણમન થાય ત્યારે તેને ધર્મ થયો કહેવાય. જેવી ત્રિકાળી ચૈતન્ય વસ્તુ છે તેની તેવી દ્રષ્ટિ થઈને દશામાં તેવું પરિણમન થવું તેને ધર્મ કહે છે.

ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે, એની દ્રષ્ટિ અનંતકાળમાં થઈ નથી. દયા દાનનો શુભરાગ વિકાર છે, તેના પર દ્રષ્ટિ હોવાથી આત્માનું જે જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેનું પરિણમન થતું નથી. વર્તમાન અવસ્થામાં પુણ્ય–પાપનું થવું ને ભાસવું તે આત્મા

નથી, જ્ઞાન ને આનંદ સ્વરૂપ પ્રભુનું તે રૂપે દશામાં થવું થાય ત્યારે તે પ્રભુ છે.

અજ્ઞાનીને વિકાર ભાસે છે આત્મા ભાસતો નથી. એની દશામાં સ્વરૂપની ખબર નથી ને એનાથી વિપરીત ભાવ તે તેને ભાસે છે. ભગવત્ સ્વરૂપ પ્રભુ તેને ન જોતાં વિકારી ભાવપણે પોતે ભાસે છે તે આત્મા નથી. પુણ્ય પાપ આસ્રવ છે, તે પણે પરિણમે છે એટલે કે ક્રોધાદિપણે પરિણમે તે ક્રોધાદિ છે. જ્ઞાન ને આનંદ પ્રભુનો આદર ન થતાં શુભનો આદર થવો તેને દ્વેષ ને ક્રોધ કહે છે. સ્ત્રી–પુત્ર–પૈસા–ધંધો આદિ તો ક્યાંય રહ્યા પણ અંદરમાં જે શુભભાવ થાય તેનો જેને પ્રેમ છે તેને આત્મા પ્રત્યે અણગમો છે. જેને પુણ્ય–પાપ ગમે છે તેને આત્મા પ્રત્યે અણગમો છે.

વર્તમાનમાં જ્ઞાનનું થવું ભાસે, શાતિનું થવું ભાસે ત્યારે ક્રોધાદિનું થવું ભાસતું નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં. બાપુ! આ તો સર્વજ્ઞ પરમાત્માના માર્ગની વાત છે, તેમાં બહુ ધીરું થવું પડે છે. જેને અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની રુચિ ભાસે છે તેને ક્રોધાદિનું થવું ભાસતું નથી. જેને જ્ઞાનનું થવું ભાસે છે તેને ક્રોધાદિનું થવું ભાસતું નથી. સ્વભાવના પ્રેમ ને બદલે તું જે તારા સ્વભાવમાં નથી એવા વિકારને ક્ષણે ક્ષણે નવો ઉત્પન્ન કરી તેના પ્રેમમાં ફસ્યો છે તેથી તું દુઃખી છો.

આત્મા પોતે શુદ્ધ પરિણમનપણે થાય તેને વિકારપણે પરિણમવું થાય તેવું નથી. જાણગસ્વભાવ, પ્રજ્ઞા સ્વરૂપી પ્રભુની દશામાં જ્ઞાનનું થવું ને વિકારના પ્રેમનું પણ થવું તેમ હોઈ શકે નહીં. પાપના ભાવથી ખસવા પુણ્યભાવ આવે પણ તેનો પ્રેમ ને રુચિ તે મિથ્યાત્વ છે. ખીચડી ખાધા પછી તપેલીના તળિયે જે ઉખડીયા વધે તેને બહાર કુંડીમાં નાખે ત્યારે તે ખાવા કાગડો આવે, પણ તે એકલો ન ખાય, બીજા કાગડાને બોલાવીને ખાય. શાસ્ત્રકાર કહે છે કે પૂર્વે તારી શાંતિ દાઝીને શુભભાવ થયા તેના ફળમાં આ પાંચ–પચીસ લાખ રૂપિયા મળ્યા છે તેને એકલા ભોગમાં જ વાપરીશ ને ધર્મ–પ્રભાવનામાં નહીં ખર્ચે તો તું કાગડામાંથી પણ જઇશ. અહીં તો એથી પણ આગળની વાત છે, અપૂર્વ વાત છે.

જેને મંદકષાયના રાગની રુચિ છે તેને વિકારનું થવું જ ભાસે છે, ભગવાનનું થવું ભાસતું નથી. જેને વેપારમાં આત્માનું પોષાણ થયું તેને રાગનું પોષાણ થતું નથી, રાગ થાય પણ રાગનું પોષાણ થવું–પ્રેમ થવો તે હોતું નથી. દશાવાનની સન્મુખ થઈને દશામાં દશાવાનનું થવું થયું તેને પુણ્ય પાપના પ્રેમનું થવું ભાસતું નથી. ધર્મની જેને રુચિ ને પ્રેમ થયો છે, ધર્મદશા થઈ છે તેને વિકારનું થવું ભાસતું નથી. વિકારનું જ્ઞાન થાય છે પણ વિકારના પ્રેમરૂપ થવું ભાસતું નથી.

વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એનું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે, તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી, રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે, પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી. જેને પુણ્ય-પાપનો પ્રેમ છૂટી અંદર પરમાત્મસ્વરૂપનો પ્રેમ થઈ ગયો છે તેને આત્મા ભાસે છે પણ વિકાર ભાસતો નથી. વિકાર હોય છે, તેનું જ્ઞાન થાય છે પરંતુ રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો એમ ભાસતું નથી.

જેને અંદરમાં પુણ્ય-પાપની હોંશ છે તેને તો પુણ્ય-પાપ અને વિકાર જ ભાસે છે, જેને પર્યાયમાં ક્રોધાદિ ભાસે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. વિકારી પરિણમનના પ્રેમમાં વિકાર જ ભાસે છે તેથી તેને જ્ઞાનનું થવું આત્માના પ્રેમનું થવું ભાસતું નથી. વિકારનું થવું જેને ભાસ્યું તેને જ્ઞાનનું થવું ભાસતું નથી, કેમ કે તેને આત્માના જ્ઞાનનું પરિણમન છે જ નહીં માટે ભાસતું નથી, જેને રાગનું પરિણમન ભાસે છે તેને આત્મા નથી, આત્મા છે તો ખરો પણ તેને ભાસતો નથી માટે તેને આત્મા નથી.

વિકારના પ્રેમમાં વિકાર ભાસે છે તેને આત્માના આનંદનું-જ્ઞાનનું પરિણમન હોતું નથી માટે જ્ઞાનનું પરિણમન ભાસતું નથી. હું રાગપણે છું એમ જેને ભાસે છે તેને આત્મા આત્માપણે ભાસતો નથી. મહા પ્રભુ આનંદનો નાથ તેનો તને ભરોસો નહીં, તેના હોવાપણાનો તને ભરોસો નહીં ને પુણ્ય-પાપના હોવાપણાનો તને ભરોસો ને પ્રેમ છે; ભાઈ ! તું પુણ્યના પ્રેમને પંથે ચઢીને તારા ઘરનો માર્ગ ભૂલી ગયો છે બાપુ !

એ રીતે પુણ્ય-પાપ તે વિકારી વસ્તુ છે ને ભગવાન આત્મા નિર્દોષ વસ્તુ છે. તે બંને ભિન્ન વસ્તુ છે તેથી આત્માને ને વિકારને એકપણું નથી. જો એકપણું હોય તો જુદા પડે કેમ ? એ રીતે આત્મા અને આસ્રવોને તફાવત દેખવાથી, અંતરમાં ભગવાન આત્મા અને પુણ્યને જુદા દેખવાથી જ્યારે તે બેના ભેદને જાણે છે ત્યારે રાગથી ભિન્ન આત્માને જાણે છે. અનાદિથી આત્માને ને પુણ્ય-પાપના ભાવને એક જાણતો હતો તેથી મિથ્યાદ્રષ્ટિ થયો થકો રખડી રહ્યો હતો અને જ્યારે પુણ્ય-પાપની લાગણીથી તે પોતાને ભિન્ને જાણે છે ત્યારે તેને ચોથા ગુણસ્થાનવાળો-ધર્મની શરૂઆતવાળો ધર્મી કહે છે.

જાણનારો જાણનારથી ભિન્ન એવા આસ્રવને આત્માથી જુદા જાણે છે ત્યારે અનાદિથી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. અનાદિથી પુણ્યભાવના પ્રેમીઓને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી 'પુણ્યભાવ મારો ને હું તેનો કર્તા છું.'-એવી કર્તાકર્મની પ્રવૃત્તિ તે જ્યારે રાગથી ભિન્ન સ્વભાવનું ભાન-ભેદજ્ઞાન થાય છે ત્યારે તેની

નિવૃત્તિ થાય છે. રાગ તે વિકલ્પ છે અને ભગવાન આત્મા વિકલ્પ રહિત ચૈતન્યમૂર્તિ છે એવું ભેદવિજ્ઞાન થાય ત્યારે અનાદિ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી–રાગ મારો છે ને તે મારું કર્તવ્ય છે–એવી કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. દયા દાનના પરિણામ તે રાગ છે, રાગ તે મારું કર્તવ્ય છે–એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિ છે. વસ્તુ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે તેને છોડીને દયા–દાન આદિનો રાગ તે મારું કર્તવ્ય છે એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. હવે જ્યારે બહિર્મુખ દ્રષ્ટિ છોડી, અંતર્મુખ થાય છે ત્યારે ભેદજ્ઞાન થતાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી પરમાં કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે તેનું નામ ધર્મ છે.

પુણ્યના પરિણામ બંધતત્ત્વ છે ને મારી ચીજ અબંધસ્વરૂપ છે, તેમ ભેદવિજ્ઞાન થતાં અજ્ઞાનથી જે કર્મના રજકણનો નવો બંધ થતો હતો તે બંધ જ્ઞાનીને થતો નથી. મુખ્ય તો મિથ્યાત્વનો બંધ તે જ બંધ છે, જ્ઞાની થતાં તે મિથ્યાત્વના બંધનો નિરોધ થઈ જાય છે એટલે કે જ્ઞાનમાત્ર થતાં બંધ થતો નથી. રાગથી ભિન્ન થયો ને આત્માનું જ્ઞાન થયું ત્યાં અજ્ઞાનમાં જે રાગ ભાસતો હતો તે હવે જ્ઞાની થતાં જ્ઞાન ભાસે છે ત્યારે અજ્ઞાનથી થતો બંધ ટળી જાય છે.

આમ આત્મા અને રાગાદિનું ભેદજ્ઞાન થતાં અજ્ઞાન મટે છે, અજ્ઞાન મટવાથી અજ્ઞાનથી થતો બંધ પણ અટકે છે, એ રીતે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે

સંધ્યાને નહીં પ્રાપ્ત થયેલા સૂર્યથી જેમ અંધકાર પ્રસરતો નથી પણ ઉલટો પ્રકાશ વિસ્તરે છે, તેમ શ્રુતજ્ઞાન વડે જીવ અશુભથી છૂટી શુભને પ્રાપ્ત થઈ તથારૂપ પુરુષાર્થે ક્રમે કરી શુદ્ધ થાય છે. શ્રી જિનેન્દ્ર વીતરાગ પ્રણીત શ્રુતજ્ઞાનનો કોઈ અકથ્ય મહિમા છે. સદ્–આશય પૂર્વક અને તેના વિનય–ભક્તિ સહિત સેવનથી અજ્ઞાનનો સંચાર તો થાય જ નહીં પણ ઉલટું સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અનંત મહાપુરુષોએ એ શ્રુતજ્ઞાન અને સત્સંગનો અપૂર્વ મહિમા મુક્ત કંઠે ગાયો છે. ( શ્રી આત્માનુશાસન )

# आत्मार्थी छात्रोंको अपूर्व अवसर

आत्मार्थी विद्यार्थीयोंके लिये जुलाई १९७७ से टोडरमल स्मारक भवनमें ऐसी व्यवस्था की जा रही है कि जिसमें आत्मार्थी छात्र डो० हुकमचन्दजी भारिल्लके सान्निध्यमें रहकर जैन–धर्मका सैद्धान्तिक अध्ययन चारों अनुयोगोंके माध्यमसे कर सकें; साथ ही आवश्यक संस्कृत, व्याकरण, न्याय आदि विषयोंका भी उनको ज्ञान हो सके।

उक्त छात्रोंको राजस्थान विश्वविद्यालयकी जैनदर्शन शास्त्री एवं जैनदर्शन आचार्य परीक्षाएँ दिलाई जावेंगी, जो क्रमश: बी० ए० और एम० ए० के बराबर सरकार द्वारा मान्यता प्राप्त हैं।

शास्त्री परीक्षामें प्रवेशके लिए वैकल्पिक विषय संस्कृत लेकर हायर सेकेण्डरी उत्तीर्ण होना आवश्यक है। जिन छात्रोंका हायर सेकेण्डरीमें वैकल्पिक विषय संस्कृत न होगा, उन्हें एक वर्षका उपाध्याय कोर्स करना होगा। आवेदन करते समय अपनी शैक्षणिक योग्यता वैकल्पिक विषयों सहित अवश्य लिखें।

शास्त्रीका कोर्स तीन वर्षका होगा। उसके बाद दो वर्षका कोर्स आचार्य परीक्षाका होगा।

आवास और भोजनकी सुविधा नि:शुल्क रहेगी। हायर सेकेण्डरीके बाद तीन वर्षका शास्त्री कोर्स करनेवालोंको ३५०) और उसके बाद दो वर्षका आचार्य कोर्स करनेवालोंका ५००) रूपये मासिक सर्विसकी गारण्टी दी जावेगी। पर उन्हें भी इस बातका बाण्ड भरना होगा कि वे ५ वर्ष तक उक्त वेतनक्रम पर जहाँ संस्था कहे वहाँ सेवा करनेको तत्पर रहेंगे।

आध्यात्मिक वातावरण प्रदान करनेके लिए आदरणीय विद्वद्वर्य सर्वश्री पण्डित खीमचन्दभाई, सिद्धान्ताचार्य पं० फूलचन्दजी वाराणसी, पं० लालचन्दभाई मोदी, पं० बाबूभाई फतेपुर, नेमीचन्दजी पाटनी आगरा, पं० रतनचन्दजी विदिशा, पं० ज्ञानचन्दजी विदिशा, पं० शशिभाई भावनगर आदि २० विद्वान्, प्रतिवर्ष लगभग १–१ माह आकर जयपुर रहेंगे। डो० हुकमचन्दजी भारिल्ल तो यहाँ हैं हीं।

वर्षमें एक या दो बार सोनगढ भी ले जाया जायगा। सब कुछ मिलाकर प्रतिवर्ष लगभग एक माहका पू० स्वामीजीके सान्निध्यका लाभ मिलेगा।

अत: पूरा–पूरा वैराग्यमय आध्यात्मिक वातावरण प्राप्त होगा।


इच्छुक व्यक्ति तत्काल लिखें।

**नेमीचन्द पाटनी**

श्री टोडरमल स्मारक भवन, ए–४, बापूनगर, जयपुर–४




જામનગર તથા નાયરોબી મુમુક્ષુ મંડળની અગ્રગણ્ય વ્યક્તિઓ તા. ૧૩-૪-૭૭ ના રોજ પૂજ્ય ગુરુદેવ જામનગર પધારતાં તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કરી મુમુક્ષુ મંડળ વતી હર્ષોલ્લાસ વ્યક્ત કરી રહ્યાં છે.



**પૂજ્ય ગુરુદેવને ૮૮ મી જન્મજયંતી પ્રસંગે જામનગર તથા નાયરોબી મુમુક્ષુમંડળ તરફથી એક રજત-પત્ર-અંકિત અભિનંદન પત્ર સમર્પિત કરાયો તે પ્રસંગનું દૃશ્ય.**



ધર્મરત્ન ભગવતી પૂજ્ય ચંપાબેનને જામનગર તથા નાયરોબી મુમુક્ષુમંડળ તરફથી એક
રજત-પત્ર-અંકિત ગુણ-સ્તુતિ-પત્ર સમર્પણ કરાયો તે પ્રસંગનું દૃશ્ય.



નાયરોબીવાળા સ્વ. પ્રેમચંદ કેશવજી શાહના પરિવાર તરફથી ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ અપાયેલ પૂજ્ય ગુરુદેવના ૮-૮ વચનામૃત-યુક્ત કેલેન્ડર જામનગર મુમુક્ષુ મંડળના મંત્રી શ્રી વિનુભાઈ વોરા પૂજ્ય ગુરુદેવને અર્પણ કરી રહ્યા છે.

## [ એક પવિત્ર માંગલિક દિન.... ટાઈટલ બે થી ચાલુ ]

શ્રાવકમાર્ગ છે અને તેનાથી પણ વિશેષ સ્થિરતા તે મુનિમાર્ગ છે. સાથે વર્તતાં બાહ્ય વ્રતનિયમો તો અધૂરાશની–કચાશની પ્રગટતા છે. મોક્ષમાર્ગની મૂળભૂત વાતમાં આટલો બધો ફેર પડી ગયો છે. એમ ગુરુદેવે સ્વાનુભૂતિ કરીને શોધી કાઢયું અને ભારતવર્ષમાં સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિના મહિમાનો યુગ પ્રવર્તાવ્યો.

જેમ શ્રી પ્રવચનસારમાં આચાર્યભગવાને જગત સમક્ષ જાહેર કર્યું છે કે 'શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત–અમે જાતે અનુભવેલો–માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા,' તેમ યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ પણ પોતે અનુભવ કરીને અત્યંત દ્રઢતાપૂર્વક સિંહનાદ કરે છે કે 'અનુભવ કરીને કહીએ છીએ કે સ્વાનુભૂતિનો માર્ગ જ મોક્ષનો ઉપાય છે, તમે નિર્ભયપણે આ માર્ગે ચાલ્યા આવો.'

સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય? તે બાબતમાં ગુરુદેવ ફરમાવે છે કે–સ્વાનુભૂતિ થતાં, અનાકુળ–આહ્‌લાદમય, એક, આખાય વિશ્વની ઉપર તરતો વિજ્ઞાનઘન પરમપદાર્થ–પરમાત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવ વિના આત્મા સમ્યક્‌પણે દેખાતો–શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું? તે માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ નિર્ણય કરવાનું ગુરુદેવ ભારપૂર્વક જણાવે છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો–દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું ને સ્વતંત્રતા, દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્ન ભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય–વ્યવહાર ઇત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો–ગુરુદેવે ભારતવ્યાપી પ્રચાર કર્યો. તીર્થંકરદેવોએ કહેલાં આવાં અનેક સત્યો તો ગુરુદેવ દ્વારા વિધવિધ માધ્યમથી પ્રકાશિત થયાં જ; સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમૌર–મુગટમણિ એવો જે શુદ્ધદ્રવ્યસ્વભાવ અર્થાત્‌ પરમપારિણામિકભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્ય–સામાન્ય–જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે–તેને બહાર લાવીને ગુરુદેવે અથાગ ઉપકાર કર્યો છે. જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરતો નથી, પરંતુ વિકારકાળે પણ સ્વભાવ–અપેક્ષાએ નિર્વિકાર રહે છે, અપૂર્ણ દશા વખતે પણ પરિપૂર્ણ રહે છે, સદાશુદ્ધ છે,

કૃતકૃત્ય ભગવાન છે. જેમ રાંગત દશા વખતે પણ સ્ફટિકમણિના વિદ્યમાન નિર્મળ સ્વભાવનું ભાન થઈ શકે છે, તેમ વિકારી, અધૂરી દશા વખતે પણ જીવના વિદ્યમાન નિર્વિકારી, પરિપૂર્ણ સ્વભાવનું ભાન થઈ શકે છે. આવા શુદ્ધસ્વભાવના અનુભવ વિના મોક્ષમાર્ગનો પ્રારંભ પણ થતો નથી, મુનિપણું પણ નરકાદિના દુઃખોના ડરથી કે બીજા કોઈ હેતુએ પળાય છે. 'હું કૃતકૃત્ય છું. પરિપૂર્ણ છું, સહજાનંદ છું, મારે કાંઈ જોઈતું નથી' એવી પરમ ઉપેક્ષારૂપ, સહજ ઉદાસીનતારૂપ, સ્વાભાવિક તટસ્થતારૂપ મુનિપણું દ્રવ્યસ્વભાવના અનુભવ વિના કદી આવતું નથી. આવા શુદ્ધદ્રવ્યસ્વભાવના –જ્ઞાયકસ્વભાવના નિર્ણયના પુરુષાર્થ પ્રત્યે, તેની લગની પ્રત્યે આત્માર્થીઓને વાળી, ભવભ્રમણથી મૂંઝાયેલા મુમુક્ષુઓ પર ગુરુદેવે અકથ્ય ઉપકાર કર્યો છે.

જેમ પૂજ્ય ગુરુદેવનો તાત્ત્વિક ઉપદેશ આપણને સત્ય માર્ગે વાળે છે તેમ તેમના ધ્યેયનિષ્ઠ જીવનનો પ્રત્યક્ષ પરિચય, તેઓશ્રીનો સત્સંગ આપણી સમક્ષ આત્માર્થી–જીવનનો આદર્શ રજૂ કરી આપણામાં પુરુષાર્થ પ્રેરે છે, 'આ મોંઘા મનુષ્યભવમાં ભવભ્રમણના અંતનો જ ઉપાય કરવો' એ એક જ ધ્યેયને ગુરુદેવ પ્રથમથી વરેલા છે. એ ધ્યેયને તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે. એ માટે જ અભ્યાસ, એનું જ મંથન, એનો જ પ્રયત્ન, એ જ ઉપદેશ, એ જ વાત, એ જ ચર્ચા, એ જ ધૂન, એનાં જ સ્વપ્ન એના જ ભણકાર, તેમનું આખુંય જીવન તે અર્થે જ છે. ગત ઘણાં વર્ષો દરમ્યાન જગતમાં વિધવિધ આંદોલનો આવ્યાં ને ગયાં, ઘણા રાજકીય, સામાજિક, ધાર્મિક ઝંઝાવાતો થયા, પરંતુ મેરુ સમાન અડગ ગુરુદેવના ધ્યેયનિષ્ઠ જીવનને તેઓ લેશમાત્ર સ્પર્શી પણ શક્યાં નહિ. ફરીને જન્મ ન થાય તેના ઉપાયની ધૂનમાં તેઓ નિરંતર રહે છે. ભવ–અંતના ઉપાય સિવાય બીજું બધું તેમને અત્યંત તુચ્છ લાગે છે.

આવા આપણા પરમપૂજ્ય ઉપકારી ગુરુદેવનાં ચરણમાં આપણે આજના મંગળદિને તેમની માંગલિક પવિત્રતાને, પુરુષાર્થપ્રેરક ધ્યેયનિષ્ઠ જીવનને, સ્વાનુભૂતિમૂલક સન્માર્ગદર્શક ઉપદેશોને અને અનેકાનેક ઉપકારોને દ્રષ્ટિ સમક્ષ રાખીને ભક્તિપૂર્વક ભાવભીનાં વંદન કરીએ છીએ. તેઓશ્રી જગતમાં સદા સ્વાનુભૂતિનો પંથ પ્રકાશ્યા કરો અને આપણને સત્પુરુષાર્થની પ્રેરણાનાં અમૃત નિરંતર પાયા કરો.

[ ૮૮ મી જન્મજયંતી પ્રસંગે મુમુક્ષુ–સમાજ વતી પૂજ્ય ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ વ્યક્ત કરતું ભાષણ ]

## જામનગરમાં પ્રથમવાર પૂજ્ય ગુરુદેવનો

# જન્મ-જયંતી-મહોત્સવ

* વૈશાખ સુદ બીજ, બુધવાર ને તા. ૨૦–૪–૭૭ ના રોજ અનેક ભક્તજનોના જયનાદના ગુંજારવ વચ્ચે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવની ૮૮મી જન્મજયંતી જામનગર શહેરમાં ઉજવાઈ. જામનગરના પ્રાંગણમાં પ્રથમ સખત ઉજવાઈ રહેલા આ જન્મ જયંતી–મહોત્સવ ઉજવતાં જામનગરના મુમુક્ષુઓ તથા ઉપસ્થિત અન્ય સમસ્ત મુમુક્ષુઓ આનંદવિભાર બની ગયા હતા.

* વૈશાખ સુદ બીજના પરોઢિયે સાડા ચાર વાગે મંગલ જન્મ–વધાઈના ગીત ગાતાં ગાતાં, બેન્ડવાજા સહિત ભક્તજનોનો સમુદાય મહાવીર જિન મંદિરથી નીકળીને મહાવીર નગર (પ્રવચન–મંડપ) પહોંચ્યો હતો. આ મંગલ સુપ્રભાતના પાંચ વાગ્યે ભક્તજનોને દર્શન દેવા જય–જયકારના શબ્દ ગુંજારવ વચ્ચે પૂજ્ય ગુરુદેવ મહાવીર–નગરમાં પધારતાં વાતાવરણ અત્યંત ઉલ્લસિત બન્યું હતું. ઉમંગભેર છતાં ધીરજ પૂર્વક સૌએ પૂજ્ય ગુરુદેવના દર્શનનો લાભ મેળવ્યો હતો, તે દરમ્યાન ભગવતી પૂજ્ય બેનશ્રીબેને તથા ઘાટકોપર મુમુક્ષુ મંડળની ભજન–મંડળીએ જન્મ–વધાઈની ભક્તિ કરાવી હતી, મહા–આનંદના લાભરૂપ મોક્ષના સત્પંથે દોરવનાર સત્પંથપ્રેરક પૂજ્ય ગુરુદેવના ૮૮ મા જન્મજયંતી દિનની મંગળ સુપ્રભાતે તેઓશ્રીના દર્શનનો લાભ લેવાનો મુમુક્ષુઓનો ઉમંગ પણ અનેરો હતો. આ પ્રસંગે ઉપસ્થિત નહીં રહી શકનાર સેંકડો ગામના મુમુક્ષુઓએ તાર દ્વારા પોતાની ભક્તિ વ્યક્ત કરી હતી.

* સવારે પ્રવચન બાદ શ્રી કાંતિલાલ વીરજીભાઈ વારીઆની સુપુત્રીઓના પરિવારે તેમજ શ્રી ધીરજલાલ ભાયલાલ ડેલીવાલાએ તથા બપોરે શ્રી દોલતરાય માણેકચંદના કુટુંબીજનોએ પૂજ્ય ગુરુદેવને હીરાથી વધામણા કર્યા હતા.

* સવારે પ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુ સમાજ વતી પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે તથા વડિલ શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠે ભાષણ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે શ્રદ્ધા–ભક્તિની અભિવ્યક્તિ કરી હતી. શ્રી લાલચંદભાઈ મોદી, શ્રી બાબુભાઈ (ફતેપુર), શ્રી ધીરુભાઈ શ્રોફ, શ્રી શોભાલાલજી (સાગર), બ્ર. શ્રી ધન્યકુમારજી

(મહામંત્રી, તીર્થસુરક્ષા કમિટિ), નાયરોબી મુમુક્ષ-મંડળના શ્રી જેઠાલાલભાઈ, શ્રી રાયચંદભાઈ (નાયરોબી), શ્રી કરમણભાઈ (નાયરોબી), શ્રી પુંજાલાલભાઈ (નાયરોબી), તથા જામનગરના શ્રી કાંતિલાલભાઈ (પ્રમુખ), શ્રી ખેતશીભાઈ વિગેરે અનેક અગ્રગણ્ય મહાનુભવો પૂજ્ય ગુરુદેવ પ્રતિ શ્રદ્ધા-સુમન સમર્પણ કરવા આતુર હોવા છતાં સમયના અભાવે તેમ થઈ શક્યું ન હતું.

* મંગલ ૮૮ મી જન્મ-જયંતીના ઉપલક્ષમાં અનેક ૮૮ રૂપિયાની રકમો જાહેર કરીને મુમુક્ષુગણે પૂ. ગુરુદેવ પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરી હતી હતી.

* જામનગરના પ્રાંગણમાં પ્રથમવાર ઉજવાઈ રહેલા આ જન્મજયંતી-મહોત્સવનો લાભ લેવા હિન્દુસ્તાનના અનેક પ્રાંતોમાંથી તથા નાયરોબી (આફ્રિકા) થી અનેક આગેવાન મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. મુમુક્ષુઓને તથા જામનગરના જનસમુદાયને આજના દિવસે સવારે તથા બપોરે શ્રી સમયસારની ગાથા ૭૩ ઉપરના પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરસભરપુર પ્રવચનનો લાભ મળ્યો હતો.

* જન્મજયંતીના ઉપલક્ષમાં શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈનતીર્થ સુરક્ષા ટ્રસ્ટ તરફથી ગુજરાતી તથા હિન્દી આત્મધર્મના આજીવન સભ્ય બનનાર માટે તા. ૨૦-૪-૭૭ સુધી આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧-૦૦ ને બદલે રૂા. ૭૬-૦૦ કરવામાં આવી હતી.

* ૮૮મી જન્મજયંતી-મહોત્સવ પ્રસંગે શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન ભજનમંડળી, ઘાટકોપર દ્વારા ત્રણ નાટક રજુ થયા હતા. તેઓએ તા. ૧૭-૪-૭૭ ના બપોરે ૧ થી ૨ "મોહ છૂટયા બંધન તૂટયા" -એ નામનું એક વૈરાગ્યપ્રેરક નાટક રજુ કર્યું હતું જેમાં છેલ્લા કેવળી શ્રી જંબુસ્વામીની દીક્ષા સમયનો વૈરાગ્યભર્યો પ્રસંગ દર્શાવાયો હતો. તા. ૧૮-૪-૭૭ ના સાંજે ૪ થી ૫ તેઓએ "રસકથા પારસનાથકી"-એ નામનું નાટક રજુ કર્યું હતું. જેમાં ત્રેવીસમાં તીર્થંકર શ્રી પારસનાથસ્વામીના જીવનના કેટલાક પ્રસંગો રજુ કર્યા હતા. તા. ૧૯-૪-૭૭ ના સાંજે ૪ થી ૫ તેઓએ મંગલ-વધાઈ"-એ નામનું એક રસપ્રદ વિશેષ નાટક રજુ કર્યું હતું જેમાં ભવ્યોના તારણહાર એવા એક મહાસંત શ્રી કાનજીસ્વામીનો શેઠશ્રી મોતીચંદ ગીગાભાઈને ત્યાં સવંત ૧૯૪૬ માંજન્મ થયો તે કલ્યાણકારી મંગળ વધાઈનો પ્રસંગ અને તે સમયે ચારણની ભાષામાં જ્યોતિષની ભવિષ્યવાણીનો ભાવવાહી પ્રસંગ રજુ કર્યો હતો જે જોતાં ભક્તજનોના હૈયે હરખ માતો ન હતો. ઉપરોક્ત ત્રણે નાટકમાં મુખ્ય ભૂમિકા શ્રી રમેશ પી. શાહે રજૂ કરી હતી. તે ઉપરાંત જામનગરની પાઠશાળાની બાળાઓએ જન્મજયંતીને અનુરૂપ ગરબો રજુ કર્યો હતો.

* તા. ૧૨–૪–૭૭ ના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને પૂજ્ય ગુરુદેવ એક દિવસ રાજકોટ બિરાજ્યા હતા. તા. ૧૩–૪–૭૭ ને બુધવારે સવારે સાડા સાત વાગ્યે જામનગર શહેરમાં પૂજ્ય ગુરુદેવની મંગલ પધરામણી થતાં જામનગરના જિનમંદિરે ભક્તો તરફથી તેઓશ્રીનું ભવ્ય સ્વાગત થયું હતું, નાયરોબીવાળા ભાઈશ્રી રાયચંદભાઈ સ્વાગત–પ્રમુખ રહ્યા હતા. પૂજ્ય ગુરુદેવે ત્રિકાળવર્તી પંચ–પરમેષ્ઠીને નમસ્કાર કરીને અપૂર્વ માંગલિક કર્યું હતું. તા. ૧૩–૪–૭૭ થી તા. ૨૦–૪–૭૭ સુધી રોજ સવારે ૮ થી ૯ તથા બપોરે ૩ થી ૪ શ્રી સમયસાર શાસ્ત્રના કર્તાકર્મ–અધિકાર, ગાથા ૬૯ થી ૭૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મોન્નતિપદર્શક પ્રવચનો મહાવીર–નગરમાં થયા હતા. જેનો હજારોની સંખ્યામાં જૈન તથા જૈનેતર ભાઈ–બહેનોએ લાભ લીધો હતો. તા. ૧૫–૪–૭૭ ના રોજ ગ્વાલિયર જૈન નવયુવક સંઘ તરફથી આયોજિત ભગવાન શ્રી મહાવીરસ્વામીના જીવન પ્રસંગોના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન નાયરોબીવાળા ભાઈશ્રી કરમણભાઈએ કર્યું હતું.


* તા. ૧૭–૪–૭૭ ને રવિવારે સવારે પ્રવચન બાદ એક ભવ્ય રથયાત્રા મહાવીર–નગરથી શરૂ કરીને જામનગરના મુખ્ય માર્ગો પર ફરીને મહાવીર જિન–મંદિરે પાછી ફરી હતી.

* તા. ૧૭–૪–૪૭ ના રોજ ધર્મરત્ન ભગવતી પૂજ્ય ચંપાબહેન જામનગર પધારતાં મહાવીર–નગરમાં તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

* વૈશાખ સુદ એકમના રોજ સવારે પ્રવચન બાદ જામનગર તથા નાયરોબીના મુમુક્ષુ મંડળ વતી જામનગરના પ્રમુખ શ્રી કાંતિભાઈ વારીયાએ તથા નાયરોબીના શ્રી જેઠાલાલભાઈ, રાયચંદભાઈ, પુંજાભાઈ તથા કરમણભાઈએ રજત–પત્ર–અંકિત એક અભિનંદન–પત્ર પૂજ્ય ગુરુદેવશ્રીને સમર્પિત કર્યું હતું. ત્યારબાદ જામનગરના બ્ર. લલિતાબેન ખેતશીભાઈએ નાયરોબીના બહેનોની સાથે રજત–પત્ર–અંકિત એક ગુણ–સ્તુતિ પત્ર ધર્મરત્ન ભગવતી પૂજ્ય ચંપાબેનને સમર્પણ કર્યું હતુ.

* જામનગર મુમુક્ષુ મંડળ તરફથી તૈયાર કરાયેલ સ્વાધ્યાયમંદિરનું પ્લાસ્ટિકનું મોડેલ ભાઈશ્રી ઉમેદલાલ ખીમચંદ વસાએ નાયરોબી મુમુક્ષુ મંડળને અર્પણ કર્યું હતું. નાયરોબીવાળા સ્વ. શ્રી પ્રેમચંદ કેશવજીના સુપુત્રો તરફથી ૮૮ મી જન્મજયંતીના ઉપલક્ષમાં બહાર પાડવામાં આવેલ કેલેન્ડર પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું.

[ અનુસંધાન પાનું ૩૨ પર ]




* વાંકાનેરનિવાસી ગાંધી હેમચંદ ત્રિભોવનભાઈ ( વર્ષ ૮૨ ) ફાગણ સુદ ૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સદ્‌ગત વાંકાનેર મુમુક્ષુમંડળના અગ્રગણ્ય સભ્ય હતા, દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેઓને અનહદ રુચિ હતી. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. અંતસમય સુધી ધાર્મિક તત્ત્વશ્રવણ કરતાં કરતાં શાંતિપૂર્વક તેમણે દેહત્યાગ કર્યો હતો. સદ્‌ગતનો આત્મા પ્રાપ્ત કરેલી તત્ત્વરુચિ વૃદ્ધિગત કરી શાશ્વત સુખ પ્રાપ્ત કરો એવી ભાવના.

* મૂળી–નિવાસી ( હાલ ભાવનગર ) શ્રી ચિમનલાલ મલુકચંદ શાહ તે શ્રી શાંતિલાલ ઠાકરશી શાહ, ઘાટકોપરવાળાના ભત્રીજાનું ( ઉંમર વર્ષ ૫૮ ) તા. ૫–૩–૭૭, ફાગણ સુદ ૧૫ ના રોજ દેહાવસાન થયું છે. શ્રી ચિમનભાઈને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન તેમ જ તેઓશ્રીની અમૃતવાણીનો લાભ લેવા તે ભાવનગરથી ઘણી વાર આવતા હતા. આ વર્ષે ફાગણ માસમાં પૂજ્ય ગુરુદેવ ભાવનગર પધાર્યા હતા ત્યારે તેઓશ્રીનાં પાવન દર્શનનો તથા અધ્યાત્મવાણીનો અનન્ય લાભ પણ તેમને મળ્યો હતો. શ્રી ચિમનભાઈ કરાંચીમાં પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના જુના પરિચિત હતા–પાડોશી હતા, તેથી તેમને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે પણ ઘણો ભક્તિભાવ હતો. સ્વર્ગસ્થ આત્મા વીતરાગ દેવ–ગુરુ–ધર્મના પ્રતાપે શીઘ્ર આત્મસુખ પામો એ જ શુભ ભાવના.

* જેતપુરનિવાસી ( હાલ મુંબઈ ) રમેશચંદ્ર તારાચંદ દેસાઈ ( વર્ષ ૪૪ ) તા. ૫–૩–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અનન્ય શ્રદ્ધા–ભક્તિ હતા. જેતપુર મંદિરના દરેક પ્રસંગે તેઓ ભક્તિભાવે ભાગ લેવા હાજર રહેતા. મુંબઈ તેમજ સોનગઢમાં

તેઓએ અનેકવાર પૂજ્ય ગુરુદેવના દર્શનનો તથા ધર્મશ્રવણનો લાભ લીધો હતો. છેલ્લા પંદર દિવસ જાગૃતિપૂર્વક સ્વાધ્યાય–ભક્તિમાં વ્યતિત કર્યાં હતા. સતધર્મશ્રવણથી પ્રાપ્ત કરેલા સંસ્કારોની વૃદ્ધિપૂર્વક સદ્ગત આત્મા આત્મોન્નતિને પ્રાપ્ત કરો એવી સદ્ભાવના.

* શ્રી દિગંબર જૈનસંઘ–રાજકોટના અગ્રગણ્ય સદસ્ય શ્રી મોહનલાલ કાનજી ધીયા (ઉંમર ૮૮) (તે દિ. જૈનસંઘના મંત્રી શ્રી રતિલાલભાઈ ધીયાના પિતાશ્રી) નું દેહાવસાન તા. ૨૩–૩–૭૭ ના રોજ થયું છે. શ્રી મોહનભાઈએ ઘણા વર્ષો પહેલાં કુળસંપ્રદાયનો ત્યાગ કરી, તેમના ઘરે દિગંબર જિનચૈત્યાલયનું નિર્માણ કરાવ્યું હતું. છેલ્લા અઠયાવીસ વર્ષથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ પરિચયમાં આવ્યા હતા. પૂ. ગુરુદેવની અધ્યાત્મામૃત–ઝરતી વાણીથી તેઓ તથા તેમનો પરિવાર ખૂબ જ પ્રભાવિત થયો છે. અધ્યાત્મતત્ત્વની અભિરુચિ થવાથી તેમનો પરિવાર પણ, તેમની ભાવનાનુસાર, શ્રી દિગંબર જૈનસંઘને તન–મન–ધનથી સહયોગ આપી યથેષ્ટ લાભ લે છે. શ્રી મોહનભાઈને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રતિ અનન્ય ભક્તિપ્રેમ હતો; પૂજ્ય ગુરુદેવની આત્મસ્પર્શી વાણીથી પ્રભાવિત થઈ તેઓ ઘણી વાર પ્રમોદ વ્યક્ત કરતા હતા.

* પોરબંદરનિવાસી મનસુખલાલ ભુરાલાલ કોઠારીના ભત્રીજા દિલીપ (દ્રુપદ) કુમાર વનેચંદભાઈ કોઠારી (વર્ષ ૧૯) તા. ૨૫–૩–૭૭ ના રોજ પેટની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. સદ્ગતને નાની ઉંમરે પણ ધર્મપ્રત્યે ભક્તિભાવ હતા. તેઓ દેવ–ગુરુ–ધર્મના પ્રતાપે આત્મસુખ પામો એ જ ભાવના.

* સનાવદ (મ. પ્ર.) નિવાસી શ્રી કવરચંદજી (બ્ર. શ્રી જતીશભાઈના કાકા) (વર્ષ ૫૮) તા. ૨૮–૩–૭૭ ના રોજ દેહાવસાન પામ્યા છે. તેઓ લગભગ ૨૧ વર્ષથી પૂજ્ય ગુરુદેવના સત્સમાગમમાં આવ્યા હતા અને પૂજ્ય ગુરુદેવની આત્મકલ્યાણકારી અધ્યાત્મરસ ઝરતી વાણીનો લાભ લેવા નિયમિત રીતે દર વર્ષે સોનગઢ આવતાં અને ૩–૪ માસ રહેતા હતા. “इस दुर्लभ मनुष्यभवमें आत्माको समझनेका कार्य विशेषरूपसे कर लेने जैसा है”–એમ ઉલ્લસિત વીર્યથી તેઓ વારંવાર કહેતા હતા. પોતાના આત્મહિત–હેતુ તેઓએ વેપાર આદિ પણ મર્યાદિત કર્યાં હતા ને વધુ સમય શાસ્ત્રસ્વાધ્યાય આદિમાં ગાળતા હતા. તેઓને સત્ દેવ–ગુરુ– ધર્મ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અગાધ શ્રદ્ધા–ભક્તિ હતા. સ્વર્ગસ્થ આત્મા વીતરાગી દેવ–ગુરુ–ધર્મના આશ્રયે તથા તત્ત્વાભ્યાસના સંસ્કારબળ વડે શીઘ્ર શાશ્વત શાંતિ પામે એ જ અભ્યર્થના.

મલાડનિવાસી શ્રી જીવરાજભાઈ તથા પ્રેમજીભાઈ દેવજીભાઈના ભાણેજ મનસુખ વેલજીભાઈ (વર્ષ ૨૪) તા. ૨૨–૪–૭૭ ના રોજ મુંબઈ સ્વર્ગવાસ પામ્યા છે. દશ વર્ષ

પહેલા તેઓએ શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢમાં એક વર્ષ રહીને સત્ દેવ–ગુરુ–ધર્મના દર્શન–શ્રવણનો લાભ લીધો હતો. એક વર્ષની કેન્સરની બિમારીથી તેમનો દેહ–વિલય થયો છે. આવી યુવાન–વયે દેહની ક્ષણભંગુરતા દેખીને સંતો વારંવાર આત્માર્થી જીવોને શીઘ્ર આત્મકલ્યાણ સાધી લેવાની પ્રેરણા આપે છે.

સ્વર્ગસ્થ આત્મા વીતરાગ દેવ–ગુરુ–ધર્મ તથા વીતરાગ અધ્યાત્મતત્ત્વના પ્રેમથી સંપાદિત સંસ્કારો વડે શીઘ્ર આત્મકલ્યાણ સાધી પરમ પદને પ્રાપ્ત થાઓ–એ જ શુભ ભાવના.

* આશારૂપ અગ્નિનો બળ્યો જીવ સંસારની જે જે વસ્તુઓમાં સુખની જિજ્ઞાસાથી મનને ભટકાવે છે, તે તે વસ્તુઓ વિનાશીક છે, વળી મનની વૃત્તિ પણ વિનાશીક છે. માત્ર નાશવાન પરિણતિ નાશવાન પદાર્થ પાછળ ભટકે છે, એમાં કયું સુખ? સુખને અર્થે ભોગસેવનરૂપ ઉપાય કેવળ વ્યર્થ છે. હાય હાય! આ મહામોહી મૂઢ જીવ કેવળ દુઃખના જ કારણોને સુખરૂપ પ્રતીત કરી દુઃખને જ આમંત્રે છે. તેની ઉપરોક્ત કલ્પના આતાપની નિવૃત્તિ અર્થે વાંસના વનની છાયામાં બેસવા જેવી વ્યર્થ છે.

(શ્રી આત્માનુશાસન)

[ જામનગરના સમાચાર..... પાનું ૨૯ થી ચાલુ ]

* આ આઠ દિવસ દરમ્યાન રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો, રોજ સાંજે ૭–૩૦ થી ૮–૧૫ તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. તથા ચર્ચા બાદ ભજનમંડળીની ભક્તિ તેમજ સોનગઢમાં થયેલ ભવ્ય પરમાગમ–મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવની તથા સંઘ સહિત પૂજ્ય ગુરુદેવની ગિરનાર યાત્રાની ફિલ્મ બતાવવામાં આવી હતી.

એ રીતે અનેકવિધ ઉમંગભર્યા કાર્યક્રમો દ્વારા પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવની ૮૮મી જન્મજયંતી જામનગરના પ્રાંગણે અતિ ઉલ્લાસથી ઉજવાઈ. * *

સૂચનાઃ– અનેક મુમુક્ષ ભાઈઓ કેલેન્ડર મેળવવા માટેના કુપનો અહીં સોનગઢ ટ્રસ્ટના સરનામે મોકલે છે, તેઓને જણાવવાનું કે કેલેન્ડરની સાઈઝ મોટી તથા કાગળ જાડું હોવાના કારણે પોસ્ટથી મોકલવામાં ફાટી જવા સંભવ છે, તો પોતાના ગામના અથવા પાસેના મુમુક્ષુ મંડળમાંથી કુપન આપી મેળવી લેવા અથવા જ્યારે આપ સોનગઢ આવો ત્યારે અહીંથી કુપન આપી મેળવી લેવા વિનંતી છે. –મેનેજર

# અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવ

[ પંડિત શ્રી ખીમચંદભાઈ જે. શેઠ ]

અભિનંદનીય, અભિવંદનીય પરમ કૃપાળુ શ્રીસદ્ગુરુદેવનો જય હો! તેઓ છે અધ્યાત્મ-યુગના સર્જક, તેનું તેમણે કર્યું છે સર્જન, એટલે આજ સુધીમાં જે કાંઈ વિકારનું અને એનાથી ધર્મ માનવાનું જે પાખંડ ચાલી રહ્યું હતું તેનું થઈ રહ્યું છે વિસર્જન. તેઓ છે મહાન ધર્મક્રાંતિકાર. એમણે એવી ક્રાંતિ જગતમાં ફેલાવી છે કે એનાથી અનેક જીવોની થઈ ગઈ છે દૂર ભ્રાંતિ. એ ક્રાંતિની અંદરમાં નથી બિલકુલ શ્રાંતિ, પણ છે આત્માની પરમ શાંતિ. તેઓ છે જીવન-શોધક, મહા પુરુષાર્થ દ્વારા તેમણે કર્યું છે જીવન-શોધન તેમનાથી થયું છે તેમના આસ્રવોનું તો નિરોધન અને આપણને સદા શુદ્ધાત્માનું કરે છે ઉદ્બોધન. તેઓએ અનેક જિનેન્દ્ર ભગવંતોની સ્થાપના કરી છે. પ્રતિષ્ઠા કરી છે, કેમ કે તેમના પ્રત્યે તેમની છે અનન્ય નિષ્ઠા. તેઓએ અનેક તીર્થધામોની યાત્રા કરી છે, હવે અલ્પભવમાં સિદ્ધિધામની યાત્રા કરવાના છે. એ આપણે માટે પરમ મંગળ દિવસ છે. તેઓ આજે ૮૮ મા વર્ષમાં પ્રવેશ કરે છે તે એમ સૂચન કરે છે કે અલ્પભવની અંદરમાં આઠ કર્મનો અભાવ કરીને અષ્ટ મહાગુણની પ્રાપ્તિ અવશ્ય કરવાના છે અને એવા દિવ્ય સંદેશો જેમના દ્વારા આપણને સદાકાળ મળે છે, તેઓ માર્ગદષ્ટા હોવાના કારણે આપણા માટે પરમ પૂજ્ય છે, એમનો અનંત અનંત ઉપકાર છે. તેમના ચરણકમળની અંદરમાં આપણા સૌના શ્રદ્ધા-સુમન અનંત ભક્તિભાવે હું અર્પણ કરું છું.

[ ૮૮મી જન્મ-જયંતી પ્રસંગે મુમુક્ષુસમાજ વતી પૂજ્ય ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરતાં ભાષણના આધારે. ]



અધ્યાત્મયુગના સર્જક મહાન ધર્મક્રાંતિકાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ સદા-સર્વદા આત્માનુભૂતિનો પંથ ઉજાળ્યા કરો અને આપણને પુરુષાર્થની પ્રેરણા આપો-એવી મુમુક્ષુ સમાજની ભાવના અભિવ્યક્ત કરી રહેલા પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ.

પ્રકાશકઃ શ્રી દિંગબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) Pin : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૩૫૦